**આજનો સુવિચાર**

તમારી સફળતામાં ઘણા જવાબદાર હશે, પરંતુ નિષ્ફળતા માટે માત્ર તમે જ જવાબદાર રહેશો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૨૭ જૂનાગઢ તા.૧૩-૯-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 227, Junagadh : Date : 13 September, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


### આજે વહેલી સવારે જયપુર - આગ્રા નેશનલ હાઈવે પર યાત્રાળુઓની બસને યમદૂત બનેલા ટ્રકે ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો

# મથુરા જઈ રહેલ ભાવનગરનાં ૧૧ યાત્રાળુઓનાં કરૂણ મોત : ૨૦ ગંભીર

ભાવનગર તા. ૧૩ : ભાવનગરના યાત્રિકોની બસને રાજસ્થાનમાં અકસ્માત નડતા ૧૧ લોકોના મોતથી અરેરાટી વ્યાપી ગઇ છે. ભાવનગર જિલ્લાના યાત્રિકો ભાવનગરથી મથુરા જઇ રહ્યા હતા. ત્યારે જયપુર - આગરા હાઈવે ઉપર બસને સાઇડમાં ઉભી રાખીને રીપેરીંગ કામ કરી રહ્યાહતા. ત્યારે ટ્રકે બસને હડફેટે લેતા પાંચ પુરૂષો અને ૬ મહિલાના ઘટના સ્થળે મોત થયા હતા. જયારે ૨૦ને ઈજા થતાં સારવાર માટે ખસેડાયા છે.

રાજસ્થાનના ભરતપુર જિલ્લામાં આજે સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં એક ટ્રકની અડેફેટે આવતા બસમાં સવાર ૧૧ યાત્રીકોનાં મૃત્યું થયા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ૨૦થી વધુ લોકો ઘાયલ હોવાની માહિતી મળી રહી છે. માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. માહિતી અનુસાર આ બસ ગુજરાતના ભાવનગરથી ઉપડી હતી અને મથુરા તરફ જઈ રહી હતી. યાત્રીઓથી ભરેલી આ બસ મથુરા જઈ રહી હતી ત્યારે જયપુર-આગરા હાઈવે પર નદબઈ પોલીસ સ્ટેશનની હદમાં જયપુર આગરા નેશનલ હાઈવે પર હન્તરા પુલ નજીક બસ બગડી હતી. ડ્રાઈવરે ત્યારે બસને ઊભી કરી દીધી હતી અને તેનું રિપેરિંગ કરી રહ્યો હતો. ત્યારે એકાએક ઘુસી આવેલા એક ટ્રકે બસને ટક્કર મારી હતી જેના પગલે આ કરૂણાંતિકા સર્જાઈ હતી. રાજસ્થાન પોલીસે આપેલી માહિતી અનુસાર ૧૧ લોકોનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. જયારે કેટલાક લોકો ઘાયલ થયા હતા. તેમને હોસ્પીટલ સારવાર અર્થે ખસેડાયા છે.

પોલીસે આપેલી માહિતી અનુસાર ૧૧ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા છે જયારે અમુક લોકો ઘાયલ થયા હતા. તેમને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા છે. બસમાં ૬૪ (૫૭ મુસાફરો, ડ્રાઈવર કંડકટર અને રસોયા સાથે ૭ લોકો) મુસાફર હતા અને ગતરાત્રે ૯ વાગ્યાની આસપાસ પુષ્કરથી ગોકુલ-મથુરા જવા નીકળેલ હતા.

આજે સવારે ૪ કલાકે અત્રા, દહેરા મુંદી પાસે તાલુકો નદબઈ જિલ્લો ભરતપુર, રાજસ્થાનમાં આ બનાવ બન્યો હતો. બસની ડિઝલ પાઈપ ફાટતા બસ ઉભી હતી. તે સમયે કેટલાક લોકો બસની પાછળ ઉભા હતા ટ્રક દ્વારા પાછળથી ટક્કર મારતા બસની નીચે ઉભેલા ૧૦ લોકો અને બસની અંદર પાછળની સીટમાં બેસેલ ૧ વ્યકિત મળી કુલ ૧૧ લોકોના મોત થયા છે અને ૧૧ લોકો ઘાયલ થયેલ છે. ઈજાગ્રસ્ત વ્યકિતઓને આર.બી.એમ. હોસ્પિટલ ભરતપુર ખાતે દાખલ કરેલ છે.

ઉપરોકત તમામ લોકો ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દિહોર ગામના રહેવાસી છે. બસને રીપેર કરવા માટે રસ્તાની એક બાજુ ઉભી રાખવામાં આવી હતી. તે દરમિયાન જ ટ્રેલરે બસને ટક્કર મારીને ૨૦થી ૨૫ ફૂટ ઘસેડી હતી. હાલ આ ગોઝારો અકસ્માત સર્જનાર ટ્રેલરનો ડ્રાઈવર ફરાર છે. પોલીસ આ અંગે ગુનો નોંધીને વધુતપાસ હાથ ધરી રહી છે.

### રાજોરીમાં એન્કાઉન્ટર : એક આતંકી ઠાર : એક જવાન શહિદ : ત્રણ ઘાયલ

શ્રીનગર,તા. ૧૩ : જમ્મુ-કાશ્મીરના રાજોરી જિલ્લાના નારલા વિસ્તારમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં સુરક્ષા દળોએ એક આતંકીને ઠાર કર્યો છે. જો કે આ એન્કાઉન્ટરમાં સેનાનાં એક જવાન પણ શહીદ થયા છે. આ સિવાય સેનાની લેબ્રાડોર ડોગ કેન્ટનું પણ એન્કાઉન્ટર દરમિયાન મોત થયું હતું. પોલીસ એસપીઓ સહિત ત્રણ લોકો ઘાયલ થયા છે.

શહીદ થયેલા સૈનિકની ઓળખ ૨૧ રાષ્ટ્રીય રાઈફલ્સના જવાન જસવિંદર સિંહ તરીકે થઈ છે. એન્કાઉન્ટરમાં ઘાયલ થયેલા ત્રણ સુરક્ષાકર્મીઓની ઓળખ સબ ઈન્સપેકટર મોહમ્મદ અશરફ (એસપીઓ), કોન્સ્ટેબલ મોહમ્મદ રફીક અને કોન્સ્ટેબલ મોહમ્મદ ઈકબાલ તરીકે થઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ પણ બે-ત્રણ આતંકીઓ છે. જયારે અત્યાર સુધીમાં એક આતંકવાદી માર્યો ગયો છે, હજુ પણ એન્કાઉન્ટર ચાલુ છે. આ એન્કાઉન્ટરમાં આર્મી ડોગ કેન્ટ પણ શહીદ થયો હતો

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ઈ-વિધાનસભાનું લોન્ચીંગ કર્યુ

### ગુજરાત વિધાનસભાનાં ચોમાસુ સત્રનો આજથી પ્રારંભ : કોંગ્રેસ - આપનાં નેતાઓએ મુખ્યમંત્રી, સ્પીકર, મંત્રીઓનાં સન્માન કરવાનો ઈન્કાર કરી દીધો




અમદાવાદ તા.૧૩ ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્રનો આજથી પ્રારંભ થયો છે. આજે સત્રનાં પહેલા દિવસે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ હાજર રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાડી ભેટ કરી રાષ્ટ્રપતિનું સન્માન કર્યું હતું. તેમજ દ્રૌપદી મુર્મુના હસ્તે ઈ-વિધાનસભા એલ લોન્ચ કરવામાં આવી હતી. ગુજરાતમાં આવવું મારું સૌભાગ્ય છે, આજે ભૂપેન્દ્ર પટેલની સરકારને બે વર્ષ પૂર્ણ થયા છે એટલે તેમને શુભેચ્છા પાઠવું છું. ગુજરાતે ભારતના ભવિષ્યને જોયું છે. મોરારજી દેસાઈએ દેશના વડાપ્રધાન તરીકે ભૂમિકા ભજવી છે. આપણો દેશ કુશળ નેતૃત્વમાં આગળ વધી રહ્યો છે. જોકે વિધાનસભા સત્રના પહેલા દિવસે જ વિવાદ થયો હતો અને અમિત ચાવડા, ચૈતર વસાવા, શૈલેષ પરમારે મુખ્યમંત્રી અને મંત્રીઓના સન્માન કરવાની ના પાડી દીધી હતી.જ વિધાનસભા ગૃહમાં જ્યારે હાજર મહાનુભાવોનું સન્માન ચાલી રહ્યું હતું એ સમયે કોંગ્રેસપક્ષના નેતા અમિત ચાવડાને મુખ્યમંત્રીનું સન્માન કરવા, કોંગ્રેસના શૈલેષ પરમારને સંસદીય મંત્રી રૂષિકેષ પટેલના સન્માન માટે તથા વિધાનસભા ઉપાધ્યક્ષાનું સન્માન કરવા માટે આમ આદમી પાર્ટીના ચૈતર વસાવાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જોકે, અમિત ચાવડા અને ચૈતર વસાવાએ સન્માન કરવાની ના પાડી દીધી હતી. દ્રૌપદી મૂર્મુએ પોતાના પ્રવચન દરમિયાન આજે દેશમાં મહિલાઓને ખૂબ જ પ્રાધાન્ય અપાતું હોવાની વાત કહી અને ગુજરાતમાં પણ મહિલાઓને યોગ્ય સ્થાન મળે તેમ જણાવ્યું હતું. ત્યારે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના મંત્રી મંડળમાં એક જ મહિલાને મંત્રી તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ મૂર્મુએ વિધાનસભા ગૃહના તમામ સભ્યોને ૧૩ મિનિટ સુધી સંબોધિત કર્યા હતા. આ સંબોધનની શરૂઆતમાં જ તેમણે ગુજરાતના પ્રસિદ્ધ કવિ ઉમાશંકર જોષી રચિત પંક્તિ વાગોળી હતી. બીજી તરફ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી તરીકે આજે જ્યારે બે વર્ષ પૂરા કર્યા છે ત્યારે રાષ્ટ્રપતિએ મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા હતા.

## ભારતથી પરત ફર્યા બાદ બાઈડન મુશ્કેલીમાં મુકાયા

## સ્પીકરે મહાભિયોગ તપાસની મંજુરી આપી

વોશીંગ્ટન તા. તા.૧૩: અમેરિકી રાષ્ટ્રપતિ જી-૨૦ સમિટમાંથી પરત ફરતાની સાથે જ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. હાઉસ સ્પીકર મેકકાર્થીએ તેમની સામે મહાભિયોગની તપાસ શરૂ કરવાની મંજૂરી આપી છે. સ્પીકરે કહ્યું કે તેઓ ગૃહની એક સમિતિને બિડેન પરિવાર સામે તેમના વ્યવસાયિક વ્યવહારો અંગે મહાભિયોગની તપાસ શરૂ કરવા નિર્દેશ આપી રહ્યા છે.

રિપબ્લીકન હાઉસના સ્પીકર કેવિન મેકકાર્થીએ મંગળવારે આ પગલું ભર્યું હતું. ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા સ્પીકરનું આ ઐતિહાસિક પગલું ડેમોક્રેટિક પાર્ટી માટે મોંઘુ સાબિત થઈ શકે છે.

જો બિડેન પર આરોપ છે કે તેઓ ૨૦૦૯ થી ૨૦૧૭ દરમિયાન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ હતા ત્યારે તેમના પુત્ર હન્ટર બિડેનને વિદેશી કારોબારમાં ફાયદો કરાવ્યો હતો. રિપબ્લીકન્સે આ વર્ષે ઘણા મહિનાઓ સુધી આ અંગે તપાસ હાથ ધરી હતી, પરંતુ બિડેન વિરુદ્ધ કોઈ પુરાવા મળ્યા ન હતા. મેકકાર્થીએ કહ્યું કે જ્યાં પુરાવા અમને લઈ જશે ત્યાં જઈશું.

સ્પીકર મેકકાર્થીએ કહ્યું, આ સત્તાના દુરુપયોગ અને ભ્રષ્ટાચારના આરોપો છે જેના માટે ગૃહ દ્વારા વધુ તપાસની જરૂર છે. તેથી આજે હું અમારી ગૃહ સમિતિને રાષ્ટ્રપતિ બિડેન સામે મહાભિયોગની તપાસ શરૂ કરવા નિર્દેશ આપી રહ્યો છું.

## સુરતમાં ઈન્કમટેકસનું મેગા ઓપરેશન : ત્રણ ગ્રુપનાં ૩૫થી વધુ સ્થળોએ દરોડાની કાર્યવાહી

સુરત તા. ૧૩ સુરત શહેરમાં તહેવારોની સિઝન શરૂ થતાની સાથે જ ડાયમંડ અને જ્વેલર્સ ઉદ્યોગ સાથે જોડાયેલા ગ્રુપોને ઈન્કમટેક્સ વિભાગ દ્વારા નિશાના પર લેવાયા છે. ૧૦૦ જેટલા અધિકારીઓની ટીમ દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરાતા સમગ્ર શહેરમાં ફફડાટ ફેલાયો છે. ત્રણ ગ્રુપના ૩૫થી પણ વધુ સ્થળોએ ઈન્કમટેક્સ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ડાયમંડ અને જ્વેલર્સ સાથે સંકળાયેલા ત્રણ ગ્રુપ ઉપર ઉતરેલી તવાઈથી ડાયમંડ નગરીમાં સન્નાટો છે. પાર્થ ગ્રુપ, અક્ષર ગ્રુપ અને ક્રાંતિલાલ જ્વેલર્સને ત્યાં ઈન્કમટેક્સના દરોડા પડ્યા છે. ઈન્કમટેક્સના ૧૦૦થી પણ વધુ અધિકારીઓ આ ઓપરેશનમાં જોડાયા છે. તપાસના અંતે મોટા પાયે બેનામી વ્યવહારો મળી આવે તેવી સંભાવના છે.

આવકવેરા વિભાગ દ્વારા મોટાપાયે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવાયું છે. સુરતમાં ડાયમંડ અને જ્વેલર્સ ઉદ્યોગ સાથે સંકળાયેલા ત્રણ મોટા ગ્રુપને ત્યાં સર્ચ ઓપરેશનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરતના જાણીતા કાંતિ જ્વેલર્સ, પાર્થ ગ્રુપ અને અક્ષર ગ્રુપના ત્યાં ઈન્કમટેક્સના અધિકારીઓ દરોડાની કામગીરીમાં જોડાયા છે. એટલું જ નહીં પરંતુ રાજકોટ ખાતે પણ બે સ્થળો ઉપર સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આધારભૂત સૂત્રોનાં જણાવ્યા મુજબ ૧૦૦ જેટલા અધિકારીઓ અલગ અલગ ટીમ બનાવીને કામે લાગ્યા છે.

## રશિયામાં પુતિન - કિમ જોંગ વચ્ચે મંત્રણા યોજાઈ : અમેરીકા - યુરોપમાં ફફડાટ

મોસ્કો તા. ૧૩ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ બુધવારે રશિયન સ્પેસપોર્ટ વોસ્તોચની કોસ્મોડ્રોમ ખાતે મળ્યા હતા. આ સ્પેસપોર્ટ રશિયાના પૂર્વ આમૂર રીજનમાં છે. આ પહેલાં બંને નેતાઓની ૪ વર્ષ પહેલાં ૨૦૧૯માં મુલાકાત થઈ હતી

કિમ જોંગે રશિયન સ્પેસ રોકેટ લોન્ચ સાઈટ વોસ્તોચની કોસ્મોડ્રોમ ખાતે લોન્ચ ફેસેલિટીનું નિરક્ષણ કર્યું. અવકાશ ક્ષેત્રે ઉત્તર કોરિયા સાથે સહકારના પ્રશ્ન પર પુતિને કહ્યું, 'અમે આ જ કારણસર સ્પેસ સેન્ટરમાં મુલાકાત કરી રહ્યા છીએ. ઉત્તર કોરિયાના નેતાઓને રોકેટ કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીમાં રસ છે. અમારી પાસે ઘણો સમય છે અને અમે દરેક મુદ્દા પર ચર્ચા કરીશું. પુતિને કહ્યું- 'તમને મળીને મને આનંદ થયો.' જવાબમાં કિમ જોંગે પોતાના વ્યસ્ત શિડ્યુલમાંથી સમય કાઢીને પુતિનનો આભાર માન્યો હતો. કિમ જોંગ મંગળવારે પોતાની પ્રાઈવેટ ટ્રેનમાં રશિયાના વ્લાદિવોસ્તોક શહેર પહોંચ્યા હતા. અહીં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કિમની સાથે તેની બહેન કિમ યો જોંગ પણ રશિયાના પ્રવાસે આવી છે. પુતિન અને ઉત્તર કોરીયાનાં તાનાશાહ કિમ જોંગ ઉન વચ્ચે યોજાયેલ મંત્રણાથી અમેરીકા અને યુરોપનાં દેશોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### નવરાત્રી - દિવાળીનાં તહેવારો પહેલા

## રાજકોટને લાંબા અંતરની વધુ ૬ ટ્રેનોની ભેટ મળી

રાજકોટ,તા.૧૩ સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટ ખાતે તાજેતરમાં નવું ઈન્ટરનેશનલ એરપોર્ટ કાર્યરત થતા દેશના અનેક મેટ્રો શહેરને જોડતી હવાઈ સેવા કાર્યરત થઈ છે બીજી તરફ રાજકોટ રેલવે ડિવિઝનમાં ડબલ ટ્રેકમાં ઈલેકટ્રીફીકેશન કામગીરી પૂર્ણ થયા બાદ રાજકોટને વધુ ૬ નવી લાંબા અંતરની ટ્રેન ફાળવવામાં આવતા સૌરાષ્ટ્રવાસી મુસાફરો-પર્યટકોને આ રેલ સેવા ઉપયોગી નિવડશે.

સૌરાષ્ટ્રનાં જિલ્લાઓને લાંબા અંતરની ટ્રેનો ફાળવવા વખતોવખત ઉઠેલી માંગણીને ધ્યાને લઈ રેલવે તંત્રએ અમદાવાદથી ઉપડતી ૬ જેટલી લાંબા રૂટની ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવાનો નિર્ણય લેતા મુસાફરોને પરિવહન સુવિધામાં વધારો થશે. કેન્દ્રીય રેલ રાજયમંત્રી દર્શના જરદોશની જાહેરાત મુજબ સૌરાષ્ટ્રના લોકોને સુવિધા રહે તે માટે અમદાવાદથી ઉપડતી પટના, પ્રયાગરાજ, કોલકતા, કોલ્હાપુર, નાગપુર, હઝરત નિઝામુદીન સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવશે. રાજકોટને લાંબા અંતરની ૬ ટ્રેનો મળતા સૌરાષ્ટ્રની જનતાને ભારે રાહત રહેશે.

### સમાચાર રાઉન્ડ અપ

- આજે નવી દિલ્હી ખાતે ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક : વડાપ્રધાન મોદી હાજર રહેશે: સન્માનનો કાર્યક્રમ રદ થયો
- મુંબઈનાં પ્રખ્યાત લાલ બાગ ચા રાજા માટે રૂા.૨૬.૫૦ કરોડનું વિમા કવચ લેવાયું
- તાઈવાનમાં ડ્રેગનની ઘુસણખોરી : વિશ્વનાં દેશોએ ગંભીર નોંધ લીધી
- લિબિયાનાં વિનાશક પુરમાં ૫૨૦૦થી વધુ લોકોનાં મોતની આશંકા : ૧૦ હજાર લાપત્તા
- વિશ્વની શ્રેષ્ઠ બ્રેડની યાદીમાં ભારતીય રોટી, અમૃતસરી કુલચા, બટર ગાર્લિક નાન સહિત ૫ સામેલ
- ચૂપચાપ એકાંતમાં પોર્નોગ્રાફી ફિલ્મ જોવી અશ્લિલતા નથી : કેરળ હાઈકોર્ટ
- કોરોનામાં ફેફસા નબળા પડવાથી ઉધરસમાં કફની સાથે લોહી પડવા લાગ્યું : બે વર્ષ બાદ પણ અસર : નવા સંશોધનમાં ચોંકાવનારો દાવો





**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાય છે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**




**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પિટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**ૐ નેચર ક્યોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

| | |
|---|---|
| ● શીરોધારા | : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે |
| ● નસ્ય | : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા |
| ● નેત્ર તર્પણ | : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું |
| ● જાનુ બસ્તિ | : ગોઠણનાં દુઃખાવા |
| ● કટિબસ્તિ | : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી |
| ● મડ બાથ | : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ |

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

# પોષણ સાથે ભણતર : જૂનાગઢ જીલ્લાની ૫ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રમાં અપાય છે અધ્યતન ટેક્નોલોજીથી શિક્ષણ

## કોડિંગ કીટ, ડોક્ટર કીટ, ગણતરી કીટ, લેટર કીટ, ટ્યુન કીટ અને ૬૫ ઈંચના ટીવી સહિત રૂા.પ.૨૯ લાખથી વધુની કીટ થકી જ્ઞાન સાથે ગમ્મત





જૂનાગઢ, તા.૧૩

સમગ્ર રાજયમાં બાળકો મનોરંજન સાથે ભણી શકે એ માટે સ્માર્ટ આંગણવાડી બનાવવામાં આવી રહી છે. જૂનાગઢજિલ્લામાં પણ આવી ૫ આંગણવાડી બનાવવામાં આવી છે. જેમાં બાળકોને મોટી ૬૫ ઈંચની ટીવીમાં વાર્તા, બાળ ગીતો, રમતોસહિતના અંગે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. સાથોસાથ વિવિધ આધુનિક કીટ પણ બાળકોને આપવામાં આવી છે જેના થકી બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પણ મળી રહે છે. બાળકો આંગણવાડીએ આવતા ડરતા હતા એ જ બાળકો હવે ઉત્સાહભેર આંગણવાડીએ પહોંચી મનોરંજન સાથે ભણી રહ્યા છે. બાળકોના પૂર્વ શિક્ષણ માટે રાજય સરકાર દ્વારા અદ્યતન સાધનોથી સજ્જ આંગણવાડીઓ બનાવવામાં આવી છે. હવે સ્માર્ટ આંગણવાડીઓ બનાવવામાં આવી રહી છે. જેના થકી બાળકોના પૂર્વ શિક્ષણ માટે અદ્યતન સાધનો વડી શિક્ષણ આપવામાં આવે છે અને આથી જ બાળકોનો શારીરિક-માનસિક વિકાસ થઈ રહ્યો છે. જૂનાગઢ જિલ્લામાં પણ પાંચ સ્માર્ટ આંગણવાડી બનાવવામાં આવી છે. જેમાં માંગરોળ તાલુકાનાં શીલ-૨, મેંદરડા તાલુકાના નાગલપુર-૧, કેશોદ તાલુકાના કેશોદ-૧૨, વિસાવદર તાલુકાના રંતાગ અને જૂનાગઢ તાલુકાના બિલખા-૯ નો સમાવેશ સ્માર્ટ આંગણવાડીમાં થાય છે કે, જ્યા બાળકોને મોટી એલઈડી ટીવી, આધુનિક સાધનો વડે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખની વિવેકાધીન ગ્રાન્ટમાંથી કુલ રકમ રૂા.૨૬,૪૯,૯૦૦ના અનુદાનથી જિલ્લા પંચાયત જૂનાગઢના તાબા હેઠળની કુલ પાંચ આંગણવાડી કેન્દ્રોને પ્રતિ આંગણવાડી કેન્દ્ર દીઠ રૂા.૫,૨૯,૯૮૦અનુદાન કરીને સ્માર્ટ આંગણવાડી બનાવવા માટે થઈને સ્માર્ટ કીટ આપવામાં આવી છે. જેમાં **Earth Kit, Mars Kit, Link Kit, Count Kit, Tunes Kit, Lªters Kit, Coding Kit, Chess Kit, Cards Kit, Doctor Kit, 65 Inch Interactive panel with eLearning content, Interactive posteryk** સ્માર્ટ ઈન્ટેલિજન્સ કીટ મારફત આંગણવાડીનાં બાળકોને આજનાં આધુનિક યુગમાં જ્ઞાન સાથે ટેકનોલોજી તેમજ બાળકોને આંગણવાડી ખાતે પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તેવા શુભ આશય સાથે સ્માર્ટ આંગણવાડી બનાવવામાં આવી છે. આ સ્માર્ટ આંગણવાડીઓમાં બાળકોમાં શારીરિક, બોદ્ધિક વિકાસનીથીમ સાથે શિક્ષણ શરૂ કરાયું છે. આ આંગણવાડીમાં સ્ટોર રૂમ, ટીવી રૂમ, ડિજિટલ બોર્ડ, સ્ટાઈલિશ બેઠક વ્યવસ્થા, અવનવા રમકડાની સુવિધા રાખવામાં આવી છે. ખાસ તો રંગબેરંગી ચિત્રો, આલ્ફાબેટથી દિવાલો રંગવામાં આવી છે. બાળકો વ્યવસ્થિત બેસીને અભ્યાસ કરી શકે તે માટે બેન્ચીસતેમજ ખુરશીઓની પણ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ભણતર સાથે પુરતુ પોષણ મળી રહે તેની પણ તકેદારી રાખવામાં આવે છે. બાળકોને બપોરનું ગરમ રાંધેલ ભોજન ૩ થી ૬ વર્ષના બાળકો માટે આંગણવાડી કેન્દ્ર પર આંગણવાડી કાર્યકર અને હેલ્પર દ્વારા રૂપિયા ૩ પ્રતિ/દિવસ/બાળકની મર્યાદામાં બનાવીને આપવામાં આવે છે. પ્રોટીન, તુવેર દાળ, ચણા દાળ, સોયા ટુકડાઓ સાથે ભોજન માટે આંગણવાડીઓમાં ફરતા મેનુમાં વાનગીઓ તૈયાર કરવામાં આવે છે. તે ઉપરાંત ધાત્રી માતાઓ અને કિશોરીઓને પણ પોષણક્ષમ આહાર આપવામાં આવે છે.

# તહેવારો દરમ્યાન જૂનાગઢ એસટી વિભાગ દ્વારા યાત્રિકોને અપાઈ વિશેષ સુવિધા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૩

જન્માષ્ટમીના તહેવારોને લઈને જૂનાગઢ એસટી વિભાગ દ્વારા યાત્રિકોની સુવિધામાં વધારો કરી તા.૫ થી તા.૧૦ એમ ૬ દિવસ અકસ્ટ્રા સંચાલન કર્યું હતું. જીલ્લાના ૯ ડેપોમાં ૮૫ જેટલા શેડયુલ વધારવામાં આવ્યા હતા જેમાં સોમનાથ દર્શન કરવા માટે ૫૫ બસ મુકવામાં આવી હતી. જયારે સૌરાષ્ટ્રના અલગ અલગ શહેરોમાં આવવા જવા માટ સંચાલન કરવામાં આવ્યું હતું. આમ ૬ દિવસમાં એકસ્ટ્રા સંચાલન થકી એસટી વિભાગનો રૂા.૪૦,૭૯,૬૩૩ની આવક થયેલ છે તેમાં ૫૬૫૫૮ મુસાફરોએ લાભ લીધો હતો તેમ જૂનાગઢ વિભાગીય નિયામક આર.પી. શ્રીમાળીની યાદીમાં જણાવેલ છે. (તસ્વીર : જયેશ મહેતા)



# લેઉવા પટેલ ઉચ્ચ કેળવણી સહાયક મંડળ જૂનાગઢ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને નિઃશુલ્ક વ્યાજ લોન અપાશે

જૂનાગઢ, તા. ૧૩

લેઉવા પટેલ ઉચ્ચ કેળવણી સહાયક મંડળ જૂનાગઢની યાદીમાં જણાવે છે કે, જૂનાગઢ જિલ્લાના વતનીહોય અને ધોરણ ૧૨ માર્ચ ૨૦૨૩ કે ત્યારબાદની પરીક્ષામાં સૈદ્ધાંતિક વિષયોમાં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવનાર અથવા નીટની પરીક્ષા ક્લિયર કરનાર અને આર્થિક રીતે નબળા પરંતુ એમબીબીએસ, બીડીએસ, બી.એચ.એમ.એસ., બી. ફીજીઓ, બીવીએસસી, ફાર્મસી, બીએસસી એગ્રી, એમબીએ, સીએ, જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસમાં તેજસ્વી હોય તેવા લેઉવા પટેલ સંતાનો માટે મંડળે વ્યાજ વગરની લોન સહાય આપવાની વ્યવસ્થા કરેલ છે. તો આ અંગેના અરજી ફોર્મ મેળવવા માટે રૂબરૂમાં સવારના ૧૦ થી સાંજના પાંચ કલાક દરમ્યાન શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ ન્યુ સંકલ્પ કોમ્પ્લેકસ ત્રીજો માળે જૂનાગઢનો સંપર્ક સાધવો અને અરજી ફોર્મમાં સંપૂર્ણ માહિતી ભરી ૧૦મી ઓક્ટોબર સુધીમાં સદરહુ સરનામે સબમીટ કરવા અનુરોધ કરવામાં આવે છે વધુ માહિતી માટે પ્રાગજીભાઈ ત્રાપસીયા મો નં. ૯૪૨૮૨ ૪૯૩૮૧ ઉપર સંપર્ક સાધ્યે જાણકારી મેળવી શકાશે.

# જૂનાગઢ : માંગનાથ મહાદેવ મંદિરે મહાકાલેશ્વરના દર્શનનો લાભ લેતા ભાવિકો

(પ્રતિનિધિ દ્વારા)



જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢના સુપ્રસિધ્ધ માંગનાથ મહાદેવ મંદિરે શ્રાવણમાસના છેલ્લા સોમવારે મહાકાલેશ્વરના દર્શન રાખવામાં આવ્યા હતા અને રાત્રે ૧૧ વાગ્યે ભસ્મ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ આરતીનો લાભ મોટી સંખ્યામાં ભાવિકોએ લીધો હતો. (તસ્વીરઃ જયેશ મહેતા)

# ભાદરવી અમાસ (પિતૃ મોક્ષદિન)



હિન્દુ શાસ્ત્ર મુજબ ભાદરવી અમાસનો દિવસ એટલે પિતૃઓના ઋણ ચૂકવવાં નો દિવસ છે. આ દિવસે ભારતભરના તીર્થ ક્ષેત્રોમાં જલ દાન, વસ્ત્ર દાન, પિંડ દાન તેમજ ભૂદેવોને દાન પુણ્ય કરી પિતૃઓનું તર્પણ કરવામાં આવે છે. આદિ, અનાદિ કાળથી કુદરતની કોઈ લીલાનો ભાગ જન્મ, મૃત્યું છે તેની આ પ્રક્રિયાને જ્ઞાનીઓ જીવન ચક્ર કહે છે. શાસ્ત્રમાં જણાવ્યા અનુસાર દરેક જીવનેચોર્યાસી લાખ યોનીનાં જીવન ચક્રમાંથી પસાર થાવું પડે છે. ગીતામાં કૃષ્ણ કહે છે કે, આ મારી માયા દુસ્તર છે જે મારી શરણમાં આવે છે. તેવો આ માયાને તરી જાય છે. પોતાના અંગ રૂપ જીવોને ભોગ અને મોક્ષ દેવાને માટે સર્વનાં કારણ રૂપ પરમેશ્વરે રચેલા આ પંચ મહાભૂતોમાંથી ઊંચા નીચા પ્રકારનાં શરીર ઉત્પન્ન કરેલા છે. વધુમાં કહીએ તો મોક્ષનાં ચાર અંગો દરસાવ્યા છે જેમાં પ્રથમ માનવ તત્વ છે. બીજો સત્સંગ ત્રીજો પ્રભું ઉપર શ્રદ્ધા ચોથું જીવનની ઘટમાળમાં વણી લેવું તેવા કાર્યને ગણેલા છે. આપણા અગણિત જન્મો થયાં છે. આ જન્મમાં કોઈ બાપ બને બીજા જન્મમાં તે દીકરો બને આ જન્મોનો કોઈ પાર નથી. જગતમાં બે જાતના જીવાત્મા જન્મે છે જેમાં દેવિત્વ અને અસુરી. બન્નેનાં સ્વભાવ અલગ છે. ભગવાન કહે છે કે દેવી સંપત્તિ વાળા જીવો મોક્ષ માર્ગે વળે છે. જયારે અસુરી જીવો અધોગતિનાં માર્ગે વિચરે છે. આથી જ કામ, ક્રોધ, લોભ, મોહ, માયા નરકનાં દ્વાર છે. દરેક માણસની સારી કમાણી પાંચ પેઢી શૂધિ ખાઈ સદ્કાર્ય કરે છે. આથી જ આપણા પૂર્વજો, પરદાદાઓનાં ઋણ આ દિવસ કે પછી આ આખા માસ દરમ્યાન વિધિવત સદ્કાર્ય કરી ચૂકવી શકાય છે. જૂનાગઢનાં ગિરિવર ગિરનાર ક્ષેત્રનાં દામોદર કુંડમાં આ કાર્ય થાય છે. આ કુંડ દેવોનાં કાળનું જણાય છે. આથી જ કહેવાય છે કે સોરઠ દેશનો સંચર્યો, નાં ચડ્યો ગઢ ગિરનાર, નાં નાહ્યો દામો - રેવતી, અફળ ગયો અવતાર... આ કુંડનું પોરાણિક નામ બ્રહ્મકુંડ હતું.

દામોદર કુંડની ઉતરે આવેલો કુમુદ પર્વત "અસ્વસ્થમાંપર્વત" તરીકે ઓળખાય છે. લોક વાયકા મુજબ કૃષ્ણ ભગવાનનાં અસ્થિ પણ અહીં વિસર્જન કરવામાં આવેલ હતાં તેનાં અસ્થિ તેનાં પુત્ર અનિરૂદ્ધ દ્વારા વિસર્જન કરવામાં આવેલ હતાં. આ દામોદર કુંડનું અનેરૂ ધાર્મિક મહત્વ છે. જેમાં જે ભાવિકો ગંગાજી સુધીકોઈ કારણોસરરનાં જય શક્તા હોય તે અહીં પૂજા વિધિ કરી પિતૃનાં ઋણ મુક્ત બને છે. કહેવાય છે કે બ્રહ્માજીએ પોતાના કમંડળ (પાત્ર)માંથી ગંગાજીને અહીં પધરાવ્યા હતા તેમજ બીજા તિર્થો નદી માતાઓને પણ બોલાવ્યા હતાં. આથી તમામ નદી માતા ઓનો અહીં વાસ છે. આ પિતૃ કાર્ય તેમજ ભાદરવી અમાસ નાં દિને ભારત ભર માંથી ભાવિકો આવી જલ દાન, વસ્ત્ર દાન, ગૌ દાન વગેરે દ્વારા પિતૃનાં ઋણમાંથી મુક્તિ મેળવે છે. સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં દામોદરજી, જૂનાગઢ. ગોકરણ, કુતિયાણા પાસે, પ્રાંચી, ત્રિવેણી ઘાટ સહીત ઘણાં તીર્થ ધામો છે. જે પિતૃઓના મોક્ષાર્થનાં કાર્યો કરવામાં જગવિખ્યાત છે. તો ચાલો ભાવિકો અમાસનાં પાવન દિવસે આપણા પૂર્વજો, દાદા, પરદાદા કે પછી માત, પિતાનાં મોક્ષ અર્થે વિધિવત દાન પુણ્ય, પૂજા, જળ અર્પણ કરી તેને તૃપ્ત કરીએ. પિતૃ દેવો ભવ :માતૃ દેવો ભવ :ને નત મસ્તક વંદન...

-:: સંકલન ::-

વિજય ચુડાસમા (જૂનાગઢ)

# જૂનાગઢ જીલ્લામાં ગાંધી-શાસ્ત્રી જયંતીના અવસરે તા.૧૫ સપ્ટેમ્બરના જીલ્લા કક્ષાની વર્ચ્યુલ વકૃત્વ સ્પર્ધા યોજાશે

## ૧૮ થી ૨૯ વર્ષના જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાના નિવાસી આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે

જૂનાગઢ, તા.૧૩

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલયના સલગ્ન કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર, જૂનાગઢ દ્વારા તા.૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ જિલ્લા કક્ષાની વર્ચ્યુલ વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૨ ઓકટોબર ૨૦૨૩ના રોજ ગાંધી શાસ્ત્રી જયંતીના અવસર ઉપર રાષ્ટ્રીય કક્ષાનું વર્ચ્યુલ વકૃત્વ સ્પર્ધાનું આયોજન ભારતના સંસદ ભવન નવી દિલ્હી ખાતે કરવામાં આવશે. રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમ માટે યુવાનોની પસંદગી જિલ્લા કક્ષાના વર્ચ્યુલ વકૃત્વ કાર્યક્રમના માધ્યમથી કરવામાં આવશે. ૧૮ થી ૨૯ વર્ષના અને જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના નિવાસી આ સ્પર્ધામાં ભાગ લેવા પાત્ર રહશે. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં આયોજિત કરવામાં આવશે. જિલ્લા કક્ષાની સ્પર્ધાનો વિષય વર્તમાન કાલમાં ગાંધીજીના વિચારોની મહત્વતા છે. જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ઓનલાઈન કરવામાં આવશે અને રાષ્ટ્રીય કક્ષાનો તા.૧ ઓકટોબર ૨૦૨૩ના રોજ યોજવામાં આવશે. વધારે માહિતી માટે યુવાનો જિલ્લા યુવા અધિકારી નેહરૂ યુવા કેન્દ્ર, જૂનાગઢનો સંપર્ક નંબર ૯૮૭૯૮૯૫૩૫૩ ઉપર સંપર્ક કરી શકે. નિયત નમૂનાનું ફોર્મ કચેરી આવીને રૂબરૂ આવીને ભરી જવું. તા.૧૪૯/૨૦૨૩ બપોરના ૧૨-૦૦ કલાક સુધીમાં ભરી જવું સાધનિક પુરાવા સાથે. આધાર કાર્ડની ઝેરોક્ષ અને પાસપોર્ટ સાઈઝનો ફોટો સાથે લાવવાનો રહેશે.

# જૂનાગઢ ગ્રામ્ય તાલુકાના બીઆરસી કો-ઓર્ડિનેટર ડો.સુરેશ મેવાડા જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરાયા



જૂનાગઢ, તા.૧૩

૫ સપ્ટેમ્બર એટલે કે શિક્ષક દિનના રોજ જિલ્લા અને રાજય કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરતા વિશેષ પ્રતિભાવાન શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ આપી સન્માનિત કરવાનું રાજય સરકાર શિક્ષણ વિભાગનો ઉપક્રમ રહયો છે. જેમાં જૂનાગઢ જિલ્લાના ૧૧ શ્રેષ્ઠ શિક્ષકોનું શિક્ષક દિનના દિવસે ખબ.ક અક્ષર મંદિર જૂનાગઢ ખાતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના યજમાન પદે સન્માન કરવામાં આવ્યુ છે. આ શ્રેષ્ઠ શિક્ષક સન્માન કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાના મેયરશ્રી ગીતાબેન પરમાર, જિલ્લા શિક્ષણ સમિતીના ચેરમેન મધુબેન સાવલીયા, જિલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહ વાઢેર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.ડી. ધુંચલા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ સિ.લેકચરર બી.કે.મેસીયા, બહાઉદીન સાયન્સ કોલેજ જૂનાગઢ પ્રિન્સીપાલ ભટ્ટ તેમજ વિવિધ મંડળના હોદદારો તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. જેમાં જૂનાગઢ તાલુકાના બી.આર.સી કો-ઓર્ડિનેટર તરીકે હાલ ફરજ બજાવતા તોરણીયા પ્રાથમિક શાળાના ભાષા શિક્ષક ડો.સુરેશ મેવાડાને એમની ઉતમ શૈક્ષણિક કામગીરી અને વિશેષ સેવાઓ માટે જિલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહ વાઢેરના હસ્તે જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ તથા રોકડ પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

# મહિલાનું તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવતું જૂનાગઢ સખી વન સ્ટોપ સેન્ટર

જૂનાગઢ તા.૧૩

સપ્ટેમ્બર માસ ૨૦૨૩ દરમ્યાન એક મહિલાનેઅભયમ મહિલા હેલ્પલાઈન ૧૮૧ની ટીમ દ્વારા બપોરે ૫:૩૭ કલાકે સખી વન સ્ટોપ સેન્ટરમાં લાવવામાં આવ્યા હતા. મહિલાને આશ્રય આપવામાં આવેલ અને પુછપરછ કરતા કેશોદ તાલુકાના ગ્રામીણ વિસ્તારના રહેવાસી હોય અને વાડીના ભાગ્યારાખી ખેત મજૂરી કરી અને તેમનું ગુજરાન ચલાવે છે. મહિલા સાથે વાતચીત કરતા વધુ માહિતી મળી હતી કે તેમને ભવનાથ પગપાળા જવાની માનતા હોય તેથી તે પગપાળા ભવનાથ પહોંચ્યા હતા. ત્યા થાકીને સવારથી દામોદર કુંડ બેઠેલા જોઈ પોલીસે તેમની પૂછપરછ કરી ભવનાથ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા.

ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે જણાવ્યું હતું કે, તે અહીં ભવનાથ માનતા ઉતારવા આવ્યા હતા. તેમનું ગામ યાદ નથી અને ઘરે જવું છે તેથી તેમને આશ્રયની વ્યવસ્થા પણ ન હોવાને કારણે ભવનાથ પોલીસે ૧૮૧માં ફોન કર્યો હતો. આથી ૧૮૧ની ટીમ બહેનને સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવ્યો હતો. સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારી દ્વારા બહેન સાથે વાતચીત કરી અને બહેનના ગામનું નામ પૂછી તેના સરપંચ સાથે સંપર્ક કરી અને તેમના પરિવારની તપાસ કરવામાં આવી હતી. સરપંચે જણાવેલ કે, તે વાડી વિસ્તારમાં રહેતા હોઈ અને સરપંચના સહયોગથી તેમના પતિનો સંપર્ક થયો હતો. તેમના પતિ બહેનને લેવા માટે સેન્ટરમાં આવ્યા હતા. બહેન તેમનાપતિને જોઈ હરખનાઆંસુ છલકાયા હતા. બહેન ઘરેના પહોંચતા તેમના પતિ પણ ચિંતા કરતા હોય તેથી બહેનના પતિ પણ ખૂબ જ હર્ષ સાથે સેન્ટરનો આભાર વ્યક્ત કરી અને એક ખોવાયેલા બહેનને તેમના પરિવાર સાથે મિલન કરાવતુ સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢ ખરા અર્થમાં સાર્થક બન્યું છે.

# અખીલ ભારતીય શાળાકીય રમત સ્પર્ધામાં માંગરોળના બાળકો ઝળકયા

## માંગરોળનાં ત્રણ બાળકોની કરાટે સેલ્ફ ડિફેન્સમાં રાજ્ય કક્ષાએ પસંદગી

(પ્રતિનિધિ દ્વારા)



માંગરોળ, તા.૧૩

સ્કૂલ ઓથોરિટી ઓફ ગુજરાત અને જૂનાગઢ જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા ૬૭ માં અખિલ ભારતીય શાળાકીય રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ જીલ્લાના વિસાવદર ખાતેના મોટા કોટડા ગામે જીલ્લાભરના વિદ્યાર્થીઓ વચ્ચે જુદી જુદી રમતોમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધા અંતર્ગત જીલ્લા રૂરલમાં ૧૪ થી ૧૯ની વય મર્યાદામાં કરાટે સેલ્ફ ડિફેન્સમાં માંગરોળ તાલુકાના છ કરાટે બાજ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ગોહેલ હિરેન, મણવર વિવાન, (સુજતન સ્કૂલ માંગરોળ) અને જેઠવા વિહાન (રાજકુમાર સ્કૂલ માંગરોળ) આવેલ જ્યારે બીજા ક્રમે ભાટા અઝીમ (અનમોલ સ્કૂલ માંગરોળ) અને મેસવાણીયા વત્સલ (સુજતન સ્કૂલ માંગરોળ)એ બાજી મારી વિજેતા જાહેર થયા હતા. આમાના પ્રથમ ત્રણ બાળકો હવે રાજ્ય કક્ષાએ કરાટે ચેમ્પિયન તરીકે હરિફાઈમાં જાશે. માંગરોળમાંથી પ્રથમવાર કરાટે ચેમ્પિયનમાં નાના બાળકોની રાજયકક્ષાએ પસંદગી પામતા, કરાટે સેલ્ફ ડિફેન્સના આ તમામ બાળકો અને તેમના કોચ દિલીપભાઈને અભિનંદન પાઠવ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ચીનનાં ઉંબાડીયા સામે ભારતે આંગળી વાંકી કરવી પડશે

ચીનનાં કરતૂતો પર દેશની અંદર રાજનીતિ ચાલી રહી છે તે બંધ થવી જોઈએ. કોંગ્રેસે સીમા જેવા સંવેદનશીલ મુદ્દા પર રાજનીતિ ન કરવી જોઈએ. એ સરકાર પર છોડી દેવું જોઈએ કે તે ચીન કે પાકિસ્તાનની સીમા પરની અવળચંડાઈનો કેવો જવાબ આપે છે. દેશની સુરક્ષા વ્યવસ્થા મજબૂત છે, સીમાઓ સુરિક્ષત છે, આપણા જવાન સરહદે તૈનાત છે,આપણે નાગરિક હોવાના નાતે આપણા સૈનિકો પર ગર્વ સાથે ભરોસો હોવો જોઈએ. સીમા પર જ્યારે પણ ચીન અને પાકિસ્તાને છમકલું કર્યું છે, ભારતીય સુરક્ષા દળોએ જડબાતોડ જવાબ આપ્યો છે. ગલવાનની ઘટના સમયથી જ ચીની સૈનિકો એલએસી પર જાતજાતની ઉશ્કેરણીજનક હરકતો કરી રહ્યા છે, જેનો ભારતીય જવાનો આકરો જવાબ આપી રહ્યા છે. જ્યારે જ્યારે ચીની સૈનિકોએ એલએસી પર ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી કે અતિક્રમણની કોશિશ કરી છે, ત્યારે ત્યારે ભારતે તેને નિષ્ફળ બનાવ્યું છે. આજનું ભારત અલગ ભારત છે અને આક્રમક છે. તે એલએસી પર પોતાના ક્ષેત્રો પર આસન્ન છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું એ નિવેદન કે 'આખું લદ્દાખ જાણે છે કે ચીને આપણી જમીન હડપી લીધી છે,' એ સંપૂર્ણપણે રાજકીય નિવેદન છે અને તેમાં તથ્યનો છાંટો ય નથી. પહેલાં પણ રાજકીય આરોપો પર સરકાર અને સેના એલએસી પર સ્થિત સ્પષ્ટ કરતી રહી છે અને જમીન હડપવાના આરોપોનું ખંડન કરતી રહી છે. ચીન અને પાક સીમા પર વિવાદો ઉકેલવા પ્રત્યે કોંગ્રેસ સરકારોનું વલણ કેટલું કંગાળ રહ્યું છે તે આખો દેશ જાણે છે, જ્યારે હાલની સરકાર તેની સામે મજબૂતીથી લડી રહી છે. એલઓસી અને એલએસી બંને વિવાદોનું સમાધાન કોંગ્રેસી સરકારોએ ઈમાનદારીથી ન કર્યું, તેનું જ પરિણામ છે કે આજે આઝાદીનાં ૭૬ વર્ષ વીતી ગયા બાદ પણ ચીન અને પાકિસ્તાન સાથે સીમા વિવાદ ઊભો જ છે. જવાહરલાલ નેહરુ વડાપ્રધાન હતા ત્યારે ચીને ભારતની ૪૩૦૦૦ ચોરસ કિલોમીટરથી વધુ અક્સાઈ ચિનની જમીન પડાવી લીધી હતી. જેમ ભાજપે કોંગ્રેસ અને ચીની કમ્યુનિસ્ટ પાર્ટી વચ્ચે ૨૦૦૮ની એક સમજૂતીનો મુદ્દો ઉઠાવ્યો છે, એના પર કોંગ્રેસે સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ. અતીતને ભૂલાવીને મોદી સરકારે હવે સીમા વિવાદ પર આગળ વધવું જોઈએ. તેમાં જવાબદારી લેતાં વિપક્ષી દળોએ સહયોગ આપવો જોઈએ અને જવાબદાર ભૂમિકા નિભાવવી જોઈએ, માત્ર આરોપો કરવાથી કામ નહીં ચાલે. આ પહેલાં પણ કેટલીય વાર રાહુલ ગાંધી સેનાના નામે સરકાર પર ગંભીર આરોપો લગાવી ચૂક્યા છે, જે કાળક્રમે નિરાધાર સાબિત થયા છે. સીમાની સંવેદનશીલતા જોતાં વિપક્ષે સંભાળીને બોલવું જોઈએ. લશ્કરી અને કૂટનીતિક મુદ્દાઓ પર કોઈપણ સ્થિતિમાં ઘરેલુ રાજકારણ ન થવું જોઈએ. સરકારે પણ સીમા પર સ્થિતિને લઈને જનતાને અપડેટ કરતા રહેવું જોઈએ. હાલમાં ચીને જે ભારતીય ક્ષેત્રોને પોતાન નક્શામાં બતાવવાની કોશિશ કરી છે એના પર ભારતે દરેક મંચ પર કડક વિરોધ નોંધાવવો જોઈએ. વિદેશ મંત્રીનું નિવેદન જ પૂરતું નથી. ભારતે ચીનને એવો સંદેશ આપવો જોઈએ કે તે વારંવાર અરુણાચલને પોતાના નક્શામાં દેખાડવાની હિંમત ન કરે. ત્રીજી વાર તેણે આવું કર્યું છે. તે પણ ત્યારે જ્યારે ચીની રાષ્ટ્રપતિ જિનપિંગ જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેવા સપ્ટેમ્બરના પહેલા સપ્તાહમાં ભારત આવવાના છે. જી-૨૦ સંમેલનથી ઠીક પહેલાં ચીની ઉંબાડિયાની અવગણના ન કરી શકાય, ભારતે પણ આંગળી વાંકી કરવી પડશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઈચ્છા બધા જ દુઃખોનું મૂળ છે.

- બુદ્ધ ભગવાન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૧૪ બુધ પૂજન, શિવરાત્રી, અઘોરા ચતુર્દશી, જૈન પર્યુષણ પ્રારંભ-પંચમી પક્ષ, મુ. આખીરી ચહેરશાંબા તા.૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૨૭, મઘા નક્ષત્ર, સિધ્ધયોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૬:૫૬ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

-કનકચંદ્ર સી.વ્યાસ

મેષ: નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. દિવસ દરમિયાન આળસ અનુભવાય.
વૃષભ :નોકરી-ધંધામાં સાનુકૂળતા રહે. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.
મિથુન પ્રવાસ-મુસાફરી થાય. શુભ સમાચાર મળે.
કર્ક: આર્થિક સુખમાં વધારો થાય. યશ, પ્રતિષ્ઠા વધે.
સિંહ : કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવે. આરોગ્ય અંગે સંભાળવું.
કન્યા: મિલ્કતનો પ્રશ્ન ઉકેલાય. મહેનતનું શુભ ફળ મળે.
તુલા: ચિંતાને કારણે બેચેની રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.
વૃશ્ચિક અકારણ દોડા-દોડી રહે. મનમાં મૂંઝવણ રહે.
ધન : પડવા-વાગવાથી સંભાળવું. શત્રુવર્ગથી સાવધાની રાખવી.
મકર :નાણાંકીય રોકાણ કરવાનું આજના દિવસ પૂરતું ટાળવું. ગૃહવિવાદ.
કુંભ: નોકરી ધંધામાં ધાર્યો લાભ મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મીન: મનનું ધાર્યું થાય. આનંદ ઉત્સાહ વધે.

# કૃષ્ણ જન્મોત્સવ બાદ પરંપરાગત રીતે દ્વારકાધીશ જગતમંદિરમાં પૂજારી પરિવાર દ્વારા ઠાકોરજીની ષષ્ઠી(છઠ્ઠી) પૂજન કરાયું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૩

દ્વારકાધીશના જગત મંદિરમાં શ્રાવણ વદ અષ્ટમીએ કૃષ્ણ જન્મોત્સવ બાદ ગઈકાલે જગત મંદિરમાં ભગવાનની છઠ્ઠીનું પૂજન વિધિ વિધાન અનુસાર શાસ્ત્રોક્ત વિધિ અને પરંપરા મુજબ જગતમંદિરના પૂજારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.



જેમાં પંચામૃત અભિષેક પૂજન કરી નામકરણ વિધિ માટે પૂજન કરવામાં આવેલ હતી. શ્રી કૃષ્ણ જન્મોત્સવ બાદ છઠા દિવસે પરંપરા અનુસાર ષષ્ઠી પૂજન કરાયું હતું. ઠાકોરજીને પારણાં નોમથી શ્રાવણ વદ તેરસ સુધી પારણામાં અલગ-અલગ રમકડાઓ આપી ઝુલાવવામાં આવે છે.

# ઉના : સ્કૂલ રીક્ષામાં આડેધડ વિદ્યાર્થીઓને બેસાડવામાં આવતા હોવાની ફરિયાદ : પગલા ભરવા માંગ

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૧૩

ઉનામાં સ્કૂલ રિક્ષામાં જોખમી સવારી ઉનામાં ભાવનગર રોડ ઉપર મચ્છુરી પુલ ઉપર વરસાદને કારણે ખાડા પડી ગયા હોય અને સ્કૂલ રીક્ષા ત્યાંથી પસાર થતી હોય પણ આરટીઓના નિયમ નો ઉલાળીયો કરતા રીક્ષા ચાલકો નાના ભૂલકા બાળકોને ઓવરલોડ રિક્ષામાં બાળકો ભરી જતા હોય પણ મા-બાપ અને સ્કૂલના પ્રિન્સિપાલ કહી બોલતા ન હોય અને ઉનામાંથી વડલા પોલીસ ચોકી હોવા છતાં કોઈ કાયદાનો ડર રાખ્યા વિના સ્કૂલ રીક્ષા ખુલ્લેઆમ નાના બાળકોને ૧૫ થી વધારે પેસેન્જર ભરી જોખમી મુસાફરી કરતા હોય સ્કૂલ રીક્ષામાં આગળ છોકરાઓને બેસાડતા હોય અને પગ બહાર રહેતા હોવાથી એક્સિડન્ટના બનાવો પણ બનેલ છે અને રીક્ષા પલટી મારી ગયેલના અનેક બનાવો બનેલ હોવા છતાં તંત્ર ક્યારે પગલાં ભરશે? જે તે કારણે સ્કૂલ રિક્ષામાં નિયમ પ્રમાણે છોકરાઓને પાસિંગના નિયમ પ્રમાણે બેસાડી પોલીસ કામગીરી કરશે કે કોઈ અનિચ્છનિય બનાવ બનશે પછી તંત્ર દોડશે.

# નેપાળ સરકારનું પ્રતિનિધિ મંડળ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ જાણવા રાજ્યપાલના કુરૂક્ષેત્ર પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાતે



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૩

નેપાળના કૃષિ અર્થશાસ્ત્રીઓ, પ્રગતિશીલ ખેડૂતો અને નેપાળ સરકારના કૃષિ અને પશુધન મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અને તેના લાભોની જાણકારી મેળવવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હરિયાણાના કુરુક્ષેત્રમાં આવેલા પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાતે આવ્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, નેપાળ પણ રાસાયણિક ખાતરો અને પેસ્ટીસાઈડ્સનો ઉપયોગ બંધ કરીને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા ઈચ્છુક છે. નેપાળના પ્રધાનમંત્રી રાસાયણિક ખાતર માટે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. નરેન્દ્ર મોદીએ તેમને રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવાનું સૂચન કર્યું હતું અને એ માટે જરૂરી માર્ગદર્શન આપવાની પણ તૈયારી દર્શાવી હતી.

આ સંદર્ભે ભારત સરકારના વિદેશ મંત્રાલયના માધ્યમથી નેપાળ સરકારનું પ્રતિનિધિ મંડળ કુરૂક્ષેત્ર પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લેવા અને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિશે જાણકારી મેળવવા ભારત આવ્યું છે. કુરૂક્ષેત્રમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ નેપાળના પ્રતિનિધિ મંડળને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે વિગતવાર જાણકારી આપી હતી. કૃષિ વૈજ્ઞાનિક ડોક્ટર હરિ ઓમે પણ ટેકનિકલ જાણકારી આપી હતી. પ્રતિનિધિ મંડળે પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી હતી.

# રાજકોટ જિલ્લામાં દર્દીનારાયણો માટે સરકારી દવાખાના-હોસ્પિટલમાં નોંધપાત્ર કામગીરી છેલ્લા એક વર્ષમાં જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૪૬૯ પ્રસુતિ થઈ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૩

રાજ્ય સરકાર દ્વારા લોકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવા મળી રહે માટે અનેક આરોગ્યલક્ષી સેવાઓ અમલી છે. જેમાં ૧૦૮, સિવિલ હોસ્પિટલ, પદમકુંવરબા હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો(સી.એચ.સી.), પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પી.એચ.સી.), અર્બન આરોગ્ય કેન્દ્ર, સબ સેન્ટર, આયુર્વેદ હોસ્પિટલ, જન ઔષધી કેન્દ્રો, આયુષ્માન કાર્ડ (પી.એમ.જે.એ.વાય), આભા કાર્ડ વગેરેનો સમાવેશ થાય છે. ત્યારે રાજકોટ જિલ્લામાં વર્ષ એપ્રિલ ૨૦૨૨થી માર્ચ ૨૦૨૩ સુધી રાજકોટ જિલ્લામાં દર્દીનારાયણો માટે સરકારી દવાખાનો-હોસ્પિટલમાં નોંધપાત્ર કામગીરી થઈ છે. રાજકોટ જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નિલેષ રાઠોડે આપેલ માહિતી અનુસાર, રાજકોટ જિલ્લામાં એક મેડિકલ કોલેજ, એક જિલ્લા કક્ષાની હોસ્પિટલ, ૫ એસ.ડી.એસ, ૧૨ સી.એચ.સી. (સામુહિક આરોગ્ય કેન્દ્રો), ૫૪ પીએચસી(પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો), ૩૪૭ સબ સેન્ટર, ૧૧ અર્બન હેલ્થ સેન્ટર, સી.એમ.ટી.સી.૩ અને એન.આર.સી. એક, ૭ એફ.આર.યુ. આવેલા છે. જેમાં પી.એમ.જે.એ.વાય.માં જોડાયેલી ૫૫ હોસ્પિટલો છે. રાજકોટ જિલ્લાની આરોગ્ય સંસ્થાના ૩૪૭ સબ સેન્ટર્સ પૈકી ૨૨૫ને પોતાના મકાનો છે જયારે ૧૨૮ના બાંધકામ ચાલી રહયા છે. ૫૪ પી.એચ.સી. પાસે પોતાના મકાનો છે. જયારે અન્ય ૨૯ના બાંધકામ ચાલી રહયા છે, ૧૨ સી.એચ.સી. પોતાના મકાનોમાં જ કાર્યરત છે. ૧૧ પૈકી પાંચ તાલુકા ઓફિસ પાસે પોતાના મકાનો છે. આરોગ્ય અધિકારી(એ.ડી.એચ.ઓ.) ડો.પી.કે.સિંગના જણાવાયા અનુસાર, રાજકોટ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર ઉપર થયેલી ઓ.પી.ડી., આઈ.પી.ડી, લેબ ટેસ્ટ અને પસુતિ જોઈએ તો, પી.એચ.સી.માં ઓપીડી ૮,૦૨,૬૬૦, આઈ.પી.ડી. ૧૪૮૨૧, લેબ ટેસ્ટ ૬૭૨૦૧૧ અને પસુતિ ૪૬૯ થઈ હતી. સીએચસીમાં ઓપીડી ૫,૧૬,૦૯૭, આઈપીડી ૩૧૧૭૦, લેબ ટેસ્ટ ૩૯૦૦૫૩ અને પ્રસુતિ ૩૭૩૪, ઓપરેશન ૧૯૫ થઈ હતી. એસ.ડી.એચ.માં ઓ.પી.ડી. ૮,૩૮,૩૧૭, આઈ.પી.ડી્ ૫૫૯૬૬, લેબ ટેસ્ટ ૯૮૮૬૩૬, પ્રસુતિ ૬૪૯૧, ઓપરેશન ૨૭૬૯ થયા હતા. પ્રધાન મંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન યોજનાનો ૨૦૯૯૩ લાભાર્થીઓને, ૨૪૪૫ લાભાર્થીઓને જનની સુરક્ષા યોજનાનો, ૧૯૦૯૦ લાભાર્થીઓને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનો લાભ તથા ૫૫૩૨ લાભાર્થીઓને કસ્તુરબા પોષણ યોજનાનો લાભ અપાયો હતો. જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ(JSSK)માં ૪૬૦૧૮ માતાઓને વિના મૂલ્યે દવાઓ, ૨૫૭૪૧ને ખોરાક, ૪૧૯૬૭ને તપાસ અને ૪૯૬ માતાઓને લોહી અપાયુ હતું. ૦ થી ૨ માસના બાળકોને અપાયેલ સુવિધા જોઈએ તો ૪૦૩૩ બાળકોને નિઃશુલ્ક દવાઓ, ૧૭ ને ખોરાક, ૩૬૩૭ને તપાસ અને ૪૩ માતાઓને લોહી અપાયુ હતું. ૨ માસથી ૧ વર્ષ સુધીના બાળકોને અપાયેલ સુવિધા જોઈએ તો ૧૮૮૨૨ બાળકોને મફત દવાઓ, ૫૦૯ ને ખોરાક, ૧૫૭૭૮ને વિના મૂલ્યે તપાસ કરાઈ હતી. ટી.બી.મા શંકાસ્પદ સ્પુટમ ચેક ૪૭૦૨૯ના થયા છે. સરકારમાં નોંધાયેલા ટી.બી.ના કેસ ૨૫૩૪, ખાનગીમાં ૨૭૭ છે. એટલે કે ૨૮૧૧ કેસ કુલ નોંધાયેલા છે. નિક્ષય પોર્ટલમાં ઓનલાઈન એન્ટ્રી ૨૮૧૧ ની થઈ છે. સાજા થયેલ દર્દી ૧૫૧૫ છે. ગંભીર સારવાર ઉપર મુકલે દર્દી ૭૧ છે. જેમાં ૧૯૯૩ દર્દીઓના એચ.આઈ.વી. રિપોર્ટ કરાવ્યા છે.૧૯૯૧ ના ડાયાબીટીસ ચેક કરાવ્યા, ૧૫૧૮ને નિક્ષય પોષણ સહાય યોજના પબ્લિક, જયારે પ્રાઈવેટ અને પબ્લિક ૧૫૫૯ નોંધાયા છે. જન્મજાત મોતિયો ૧૧, જેમાંથી સાતના ઓપરેશન કરાયા છે, જે પૈકી હાલ ચારને સારવાર અપાઈ રહી છે, જન્મજાત હૃદયરોગના ૧૮૧ પૈકી ૪૩ ઓપરેશન કરાયા છે, જન્મજાત બહેરાશના ૨૩ પૈકી ૧૧ ઓપરેશન અને હાલ ૧૨ની સારવાર થઈ રહી છે, કલબફુટ બાળકો (વાંકાપગ) ૯૫, જેમાંથી ૩૨ના ઓપરેશન હાલ ૬૩ ને સારવાર પૂરી થઈ છે, કલેફટ લીપ અને પેલેટ(તુટેલા હોઠ અને તાળવુ) ૪૯ જેમાંથી ૨૮ના ઓપરેશન હાલ ૨૧ને સારવાર થઈ રહી છે.

# ભાનુબેન બાબરીયા રાજકોટના વિકાસને નવીનતમ ઉચાઈઓ-નવા વિકાસ કાર્યોની ભેટ આપશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૩

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાએ રાજકોટ મહાનગર પાલિકાના ચૂંટાયેલા પદાધિકારીઓને શુભેચ્છા સંદેશ પાઠવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વડપણ હેઠળ અને ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકરોની અથાગ મહેનતથી રાજકોટ શહેર વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે મહાનગરપાલિકામાં આગામી અઢી વર્ષની ટર્મ માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા નવનિયુક્ત પદાધિકારીઓની વરણી કરવામાં આવી છે. આ ટીમના તમામ સભ્યો રાજકોટના વિકાસને નવીનતમ ઉચાઈઓ સુધી લઈ જશે અને રાજકોટને નવા વિકાસ કાર્યોની ભેટ આપશે તેવી મને પુર્ણ શ્રધ્ધા છે. રાજકોટ શહેરના મેયર તરીકે શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર તરીકે નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે જયમીન ઠાકર, શાસક પક્ષના નેતા તરીકે લીલુબેન જાદવ અને દંડક તરીકે મનીષ રાડીયાની વરણી થતા તમામ પદાધિકારીઓને હૃદયપૂર્વક અભિનંદન સહ સમર્પિત લોકસેવા માટે શુભકામનાઓ પાઠવું છું.

# મુખ્યમંત્રી દ્વારા આરંભાયેલ રાજકોટ સિવિલની કેથલેબમાં પ્રથમ એન્જીયોગ્રાફી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૩

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે તાજેતરમાં રાજકોટની પંડિત દીનદયાલ હોસ્પિટલ(સિવિલ) ખાતે રૂા.૧૦કરોડના ખર્ચે નવનિર્મિત કેથલેબ વિભાગ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રાજકોટ પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે કાર્યરત કેથલેબ કે જે ગુજરાતની પ્રથમ કેથલેબ છે, અહીં તા.૧૧ સપ્ટેમ્બરે રાજકોટના ૪૩ વર્ષીય સુરેશભાઈ નાકીયાને હૃદયની તકલીફ થતા દાખલ કરવામાં આવ્યા હતાં. કાર્ડિયોલોજિસ્ટ ડો. મનદીપ ટીલાળા અને તેમની ટીમ દ્વારા આજરોજ સુરેશભાઈની એન્જીયોગ્રાફી કરવામાં આવી હતી. એન્જીયોગ્રાફી કરવામાં આવતા દર્દીને હૃદયની નસમાં ૯૦ ટકા બ્લોકેજ જોવા મળેલ હોઈ તેઓનું આવતી કાલે એન્જીયોપ્લાસ્ટી શસ્ત્રક્રિયા કરવામાં આવશે તેમ ડો. ટીલાળાએ જણાવ્યું છે. સિવિલ અધિક્ષક ડો. આર.એસ.ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ખાનગી હોસ્પિટલમાં એન્જીયોગ્રાફીની કિંમત રૂા.૧૦ થી ૧૫ હજાર જેટલી થાય છે, જયારે એન્જીયોપ્લાસ્ટી સર્જરી અને સારવાર આશરે રૂા.બે લાખ જેટલી થતી હોય છે. અહીં સિવિલ ખાતે દર્દીને વિનામૂલ્યે સારવાર મળી રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર રાજકોટ સેન્ટરમાં આવે છે, તદઉપરાંત રાષ્ટ્રીય રાજ્ય ધોરીમાર્ગ પસાર થતો હોવાથી, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, મોરબી અને જામનગરનાં રાજકોટથી નજીક થતા વિસ્તારના દર્દીઓને રાજ્ય સરકારના પ્રયત્નોથી હૃદયરોગની વધુ સારવાર અર્થે અન્ય હોસ્પિટલ ખાતે રિફર થવાની જરૂર નહીં રહે. પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ ખાતે કાર્યરત કેથલેબ દ્વારા તેમની સારવાર અત્રેની હોસ્પિટલ ખાતે કરવામાં આવશે તેમ ડો. આર.એસ. ત્રિવેદીએ રાજકોટ સિવિલ ખાતે ઉપલબ્ધ કેથલેબ સુવિધા અંગે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું.

## વરસાદ ખેંચાતા લોકો ગરમીથી અકળાયા

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં હાલ વરસાદે રિસામણા કરતા ગરમીનું પ્રમાણ વધ્યું છે. સાથે મેઘાએ લાંબો વિરામ લેતા ખેડૂતોની ચિંતા પણ વધી છે. જો કે, હવે રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

# જામરાવલ નગરપાલિકાના પ્રમુખ તરીકે જશાઈબેન જમોડ અને ઉપપ્રમુખ તરીકે મનોજભાઈ જાદવની વરણી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા તથા જામ રાવલ નગરપાલિકાના નવા પ્રમુખ-ઉપપ્રમુખ માટેની ચૂંટણી મંગળવારે યોજવામાં આવી હતી. જેમાં કલ્યાણપુર તાલુકાના રાવલ ગામની નગરપાલિકા વધુ એક વખત ભાજપે કબજે કરી, પ્રમુખ તરીકે જસાઈબેન જમોડ તથા ઉપપ્રમુખ તરીકે મનોજભાઈ જાદવને આ જવાબદારી સોંપવામાં આવી છે. સમગ્ર જિલ્લામાં સૌથી વધુ સખડ-ડખડ ધરાવતી જામ રાવલ નગરપાલિકાની વર્તમાન બોડીના કુલ ૨૪ પૈકી માત્ર ૮ સદસ્ય જ ભાજપના સિમ્બોલ ઉપર ચૂંટાયા છે. જ્યારે સ્થાનિક એવી વ્યવસ્થા પરિવર્તન પાર્ટી (વી.પી.પી.)ના સૌથી વધુ ચુંટાયેલા સભ્યોએ કોંગ્રેસના સહકારથી પ્રથમ ટર્મમાં રાવલ નગરપાલિકાનો કબજો મેળવ્યા બાદ સત્તાની સાઠમારી તેમજ આંતરિક સખડ-ડખડ અને અસંતોષ વચ્ચે મોટાભાગના વી.પી.પી.ના સભ્યોએ ભાજપનો ખેસ ધારણ કરી લીધો હતો. આ પછી ભારતીય જનતા પાર્ટી દ્વારા સોગઠી દાવ રમી, અને ગઈકાલે યોજવામાં આવેલી પ્રમુખ - ઉપપ્રમુખની ચૂંટણીમાં પ્રમુખ તરીકે જસાઈબેન જમોડ તેમજ ઉપપ્રમુખ તરીકે મનોજભાઈ જાદવના નામની વ્હીપ આપી હતી. જેમાં ૨૧ વિરૂદ્ધ બે મતથી બહુમતી સાથે બંનેને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

## શ્રાવણ સત્સંગ

# મહા શિવભક્ત મસ્તરામ બાબાની વાર્તા



એક સુંદર મજાનું ગામ હતું. નદી કિનારે આવેલા આ ગામમાં એક સરસ મઝાનું શિવ મંદિર હતું. આ શિવ મંદિરમાં એક બાબા સેવા કરતા હતા. આ બાબાને ગામ લોકો મસ્તરામ બાબાના નામથી ઓળખતા. મસ્તરામ બાબા અનન્ય શિવભક્ત હતા.

એક દિવસ મસ્તરામ બાબા એક વહાણમાં બેસી અને બીજે ગામ જઈ રહ્યા હતા ત્યારે તેમની સાથે ગામના બીજા પણ ઘણા લોકો હતા. આ વહાણ બરોબર નદી કિનારેથી નીકળી અને વચ્ચો વચ્ચ પહોંચ્યું ત્યારે અચાનક વહાણ પ્રવાહમાં તણાવા લાગ્યું. તેથી હિમ્મત હારી ગયેલા વહાણ ચલાવનાર ખલાસીએ બધાયને જોર-શોરથી કહ્યું. સૌ ભગવાનને યાદ કરો. હવે તો વહાણ કદાચ ડૂબી પણ જાય અને આપણા સૌના મૃત્યુ પણ થાય તેવી હાલત ઊભી થઈ છે.

ખલાસીની આ વાત સાંભળી સૌ ગભરાયા કેટલાક રડવા લાગ્યા તો કેટલાક કાંપવા લાગ્યા. ત્યારે શિવભક્ત મસ્તરામ બાબા એક પોતાના કમંડલ વડે નદીનું પાણી ભરી ભરીને "ૐ નમઃ શિવાય" બોલતા બોલતા પાણી વહાણમાં નાખવા લાગ્યા. સૌ વિચારમાં પડી ગયા કે આ વળી મસ્તરામ બાબા શું કરે છે ? થોડીવાર થઈ ત્યાં વહાણ વળી સ્થિર થયું અને ફરી ખલાસીએ વહાણ ચલાવવા ઉપર કાબૂ મેળવી લીધો. ત્યારે ખલાસીએ ફરી કહ્યું કે, હવે ડરવાની જરૂર નથી. કિનારો નજીક છે અને વહાણ ફરી મારા કાબૂ હેઠળ છે. ત્યારે મસ્તરામ બાબાએ ફરી "ૐ નમઃ શિવાય... ૐ નમઃ શિવાય..." નાજાપ સાથે વહાણમાં રહેલું પાણી નદીમાં કમંડલ વડે ઠલાવવાનું શરૂ કર્યું. આ જોઈ મૃત્યુના ભયમાંથી બહાર આવેલા લોકોએ મસ્તરામ બાબાને પૂછ્યું, તમે પાગલ છો કે શું ? આવા કામ કરાય ? તમે વહાણમાં પાણી ભર્યું તેથી વહાણ ડૂબી ગયું હોત તો ?

ત્યારે મસ્તરામ બાબાએ જવાબ આપ્યો, હું સમજ્યો કે ભગવાન શંકરને આપણે જે વહાણમાં બેઠા છીએ તે વહાણ નદીમાં ડૂબાડી દેવાની ઈચ્છા થઈ છે. જો તેમની એવી ઈચ્છા હોય તો આપણે તેને મદદરૂપ થવું જોઈએ. થોડીવાર પછી તેમને વહાણ ડૂબાડવાની ઈચ્છા ન હોઈ વહાણને કિનારા તરફ ધકેલ્યું તેથી તેને વહાણ ડૂબાડવાની ઈચ્છા નથી તેવું તારણ કાઢીને ફરી વહાણમાંથી પાણી કાઢી નદીમાં નાખી અને શિવજીને તેમના કામમાં મદદ કરી. ટૂંકમાં મારૂં તો કહેવું એટલું જ છે કે, આપણું જીવવું કે મરવું એ નક્કી કરવાની તાકાત આપણામાં નથી એ તો શિવજીની ઈચ્છા પ્રમાણે થાય છે. આપણે તેની ઈચ્છામાં આપણી ઈચ્છા મેળવવી જોઈએ અને સદાય શિવજીના શરણે રહેવું જોઈએ.

આજ શરણાગત્ ભક્તિનું સાચું લક્ષણ છે. મસ્તરામ બાબાની આ વાત સાંભળી સૌ તેના ચરણોમાં દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

## ‘ભારતમાં પ્રેસની સ્વતંત્રતા દર વર્ષે ઘટી રહી છે’: અમેરિકી મીડિયાને એક્સેસ ન આપવા બદલ કોંગ્રેસે મોદીની ટીકા કરી

નવી દિલ્હી તા.૧૩

કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે સરકારે G-20 સમિટ માટે રાષ્ટ્રપતિ જો બાઈડેનની સાથે ભારતની યાત્રા ઉપર આવેલા યુનાઈટેડ સ્ટેટ્સના પ્રેસ અધિકારીઓને પ્રવેશની મંજૂરી આપી નથી. પ્રેસની સ્વતંત્રતાના મુદ્દા અંગે કોંગ્રેસે કહ્યું કે વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારતનું રેન્કિંગ વર્ષદર વર્ષે ઘટી રહ્યું છે. ભારતની એરફોર્સવન ફ્લાઈટમાં બાઈડેન સાથે મુસાફરી કરી રહેલા પત્રકારોને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) જેક સુલિવાન અને વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરીન જીન-પિયરે જણાવ્યું હતું કે પ્રેસ એક્સેસનો મુદ્દો યુએસદ્વારા તેમના ભારતીય સમકક્ષો સાથે ગંભીરતાથી લેવામાં આવ્યો હતો પરંતુ અહેવાલો અનુસાર, યજમાન દેશના પ્રોટોકોલનું પાલન કરવું એ યોગ્ય હતું. કોંગ્રેસે કહ્યું કે, આ પત્રકારો અમેરિકાથી રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે આવ્યા છે. આ પત્રકારો પીએમ મોદી અને જો બાઈડેનને સવાલ કરવા માંગતા હતા. અમેરિકન સરકાર પ્રશ્નો માટે તૈયાર હતી, પરંતુ મોદી સરકારે પત્રકારોને પ્રશ્નો પૂછવા દીધા ન હતા. બાઈડેન શુક્રવારે મોદીને તેમના નિવાસસ્થાને મળ્યા હતા. રોઈટર્સે અહેવાલ આપ્યો છે કે યુએસ પ્રેસિડેન્ટ સાથે પ્રવાસ કરનારા યુએસ પ્રેસ અધિકારીઓને બંને નેતાઓથી દૂર એક વેનમાં રાખવામાં આવ્યા હતા. રોઈટર્સે જણાવ્યું હતું કે યુ.એસ.ના પત્રકારો અને ફોટોગ્રાફરો માટે આ એક અસામાન્ય પરિસ્થિતિ હતી જે સામાન્ય રીતે વિશ્વભરમાં બાઈડેન સાથે હોય છે. કોંગ્રેસે કહ્યું કે, વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ૧૮૦ દેશોમાંથી ભારત ૧૬૧માં ક્રમે છે. આ રન્કિંગ દર વર્ષે ઘટી રહી છે. સુલિવને પ્રેસને જણાવ્યું હતું કે, વ્હાઈટ હાઉસ દ્વારા બહાર પાડવામાં આવેલ ટ્રાન્સક્રિપ્ટ મુજબ, બાઈડેનને પ્રેસને હાજર રાખ્યા વિના બેઠકો કરી છે. તેમણે ઉમેર્યું હતું કે આ ભારતની સામાન્ય દ્વિપક્ષીય મુલાકાત ન હતી અને આ ચર્ચા વડા પ્રધાન કાર્યાલયને બદલે મોદીના ઘરે કરવામાં આવી હતી. રોઈટર્સ ફોરેન પોલિસી રિપોર્ટર હ્યુમેરા પમુકે ટ્વિટ કર્યું કે પિયરે યુએસ પત્રકારોને કહ્યું કે, જુઓ, મિત્રો, અમને એક્સેસ મળે તે માટે અમે શક્ય તેટલું બધું કરી રહ્યા છીએ. સુલિવને કહ્યું, આ G-20ના યજમાન છે જેમાં નોંધપાત્ર સંખ્યામાં નેતાઓ આવ્યા છે, અને તેમણે જે પ્રોટોકોલ નક્કી કર્યા છે તે મુજબ અમે અનુસરીએ છીએ. પ્રેસને સમજાવતા, સુલિવને સમજાવ્યું કે આ પરિસ્થિતિ-આધારિત મુદ્દો છે. પિયરે કહ્યું કે ઘણા યુએસ અધિકારીઓ - સુલિવાન, વ્હાઈટ હાઉસના કોમ્યુનિકેશન્સ ડિરેક્ટર બેન લાબોલ્ટ, કર્ટ કેમ્પબેલ અને યુએસ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના જોન ફાઈનર અને યુએસ શેરપા ટીમના સભ્યોએ ભારતનો સંપર્ક કર્યો છે. આ સમિટમાં આવું અસામાન્ય નથી. સુલિવાન અને પિયરે ૨૨ જૂનની પ્રેસ કોન્ફરન્સનો ઉલ્લેખ કર્યો હતો. મોદી સત્તાવાર રાજ્ય મુલાકાતે યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાતે ગયા હતા ત્યારે તે યોજવામાં આવી હતી.

# ૨૦૧૯ના અંશતઃ પાકવીમા અંગે ભાજપ સરકાર તાત્કાલિક ખુલાસો કરે

### કઈ-કઈ કંપનીઓ ૨૦૧૯નો પાકવીમો ચૂકવી રહી છે ? કયા-કયા તાલુકામાં પાકવીમો આપવામાં આવે છે ? તાલુકાના નામ જાહેર કરો : કોંગ્રેસના પ્રશ્નો

અમદાવાદ, તા.૧૩

૨૦૧૯ના ખરીફ પાકના પાકવીમાંના રૂપિયા ખેડૂતોને જમા થાય છે એ સમજાય છે પણ એમાં ખેડૂતો અસંજસમાં છે ત્યારે આ બાબતે રાજ્ય સરકાર તાત્કાલિક સ્પષ્ટતા કરવામાં આવે તેવો પત્ર ગુજરાત કિસાન કોંગ્રેસદ્વારા ૩૧ જુલાઈ ૨૦૨૩ ના રોજ રાજ્યના મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને લખવામાં આવ્યો હતો અને ખેડૂતોને મૂંઝવતા નીચે મુજબના ૧૮ જેટલા પ્રશ્નો બાબતે રાજ્ય સરકાર તરફથી જાહેર ખુલાસો કરવામાં આવે તેવી માંગ કિસાન કોંગ્રેસ ચેરમેન પાલભાઈ આંબલિયા અને કોંગ્રેસ પક્ષના નેતા અને પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમરે કરી હતી. પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, લાખો ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નો બાબતે રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખ્યો તેને આજે એક મહિનો વીતવા છતાં રાજ્ય સરકાર દ્વારા હજુ સુધી કોઈ જ ખુલાસો કરવામાં આવ્યો નથી. ૩૧ જુલાઈ ૨૦૨૩ ના રોજ રાજ્ય સરકારને ખેડૂતોને મૂંઝવતા નીચેના પ્રશ્નો ઉપર ખુલાસો પૂછવામાં આવ્યો હતો આ પાકવીમો ક્યા વર્ષનો છે ?? ક્યા પાક માટેનો છે ??? ક્યા ક્યા તાલુકાઓમાં મંજૂર થયો છે ?? કેટલા ટકા મંજૂર થયો છે ?? આ પાકવિમો આંશિક છે કે પૂરો છે ?? જો આંશિક છે તો પૂરો શા માટે નથી આપવામાં આવતો ?? કઈ કઈ પાકવીમાં કંપનીઓ દ્વારા આ પાકવિમો અપાઈ રહ્યો છે??આ પાકવિમો આંશિક હોય કે પૂરો હોય તો એક ગામમાં ૧૦ ખેડૂતોને આવે ને બીજા ને કેમ નથી આવતો ?? પાક નુકશાની થઈ હોય તો ગામના તમામ ખેડૂતોને હોય તો આવું શા માટે ?? ખેડૂતોએ કરેલી પાક નુકશાની અરજીના આધારે તો નથી ને ?? જો એવું હોય તો ૨૦૧૯માં અંદાજે ૭ લાખ ખેડૂતોએ અરજી કરી હતી તો એ બધાને કેમ નથી આવતો ?? પાકવીમાં કંપની કે સરકાર લગત બેંકને મંજુર થયેલો પાકવીમાંવાળા ખેડૂતોનું લિસ્ટ શા માટે આપતા નથી ?? દરેક તાલુકામાં કેટલા ખેડૂતને કેટલા ટકા અને કુલ કેટલી રકમ જમા થઈ તેની વિગત શા માટે જાહેર કરવામાં આવતી નથી??? જે ખેડૂતોને ખાલી મેસેજ જ આવ્યો છે તેને આ રૂપિયા ક્યારે મળશે ?? રાજ્ય સરકારની સબસિડી ક્યારે જમા થશે ને એ રૂપિયા ખેડૂતોને ક્યારે મળશે ?? ઉપરના મેસેજમાં આપ જોશો તો અત્યારે ૫૦% રકમ કંપની આપે છે અને ૫૦% રકમ રાજ્ય સરકાર સબસીડી આપશે ત્યારે જમા થશે એવું મેસેજમાં શા માટે લખે છે ??? ખેડૂતોને આપવાના રૂપિયા રાજ્ય સરકાર આપતી નથી તેવો આરોપ પાકવીમાં કંપનીઓ શા માટે કરી રહી છે ??? આ મેસેજથી એક એક ખેડૂતને સમજાય છે કે રાજ્ય સરકાર ખેડૂતોને રૂપિયા આપતી નથી એટલે ખેડૂતોનો મંજુર થયેલો પાકવિમો પૂરો મળતો નથી. શું રાજ્ય સરકાર નથી ઈચ્છતી કે ખેડૂતોને પાકવીમાની રકમ મળે ?? રાજ્યસરકાર શા માટે ખેડૂત વિરોધી થઈ રહી છે ?? જે સબસીડી પાકવીમાં કંપનીઓને રાજ્ય સરકારે આપવાની છે એમાંથી વીમા કંપનીએ ખેડૂતોના જેટલા નાણાં આપવાના છે તે રાજ્ય સરકારે પાકવીમાં કંપનીની જેમ સીધા ખેડૂતોના ખાતામાં જમા કરી દેવા જોઈએ રાજ્ય સરકાર કેટલી ખેડૂતલક્ષી છે તે આ પરથી સમજાય છે કે ખેડૂતોનો ૨૦૧૯ નો મંજૂર થયેલો પાકવિમો કંપનીઓ પાસેથી તેમના કાન પકડીને એજ વર્ષમાં ખેડૂતોને આપવો જોઈએ પણ સરકાર કંપનીઓને છાવરતી રહી ખેડૂતોને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જવાની ફરજ પડી નામદાર ગુજરાત હાઈકોર્ટે સરકાર અને પાકવીમાં કાપનીઓને ફટકાર લગાવી પછી ખેડૂતોના ખાતામાં પાકવીમાં કંપનીઓ રૂપિયા આપે છે પણ સરકારે જે હિસ્સો આપવાનો હતો એ હજુ ખેડૂતોને મળતો નથી તો શું અમારે ખેડૂતોએ રાજ્ય સરકારના હિસ્સા માટે ફરીથી ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવવા પડશે ??? આ પ્રશ્નો બાબતે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક સ્પષ્ટતા કરવામાં આવે, રાજ્ય સરકાર ખેડૂતોને જે રૂપિયા આપવાના છે તે સબસિડી આપતી ન હોવાનો મેસેજ કરી ખેડૂતોની નજરમાં સરકારને બદનામ કરતી પાકવીમાં કંપનીઓની વાત સાચી હોય અને રાજ્ય સરકાર પાંચ પાંચ વર્ષ સુધી ખેડૂતોને આપવાના રૂપિયા પેટે જે સબસિડી આપવાની હતી તે આપી ન હોય તો તે તાત્કાલિક ચૂકવી ખેડૂતોના ખાતામાં જમા કરવા જોઈએ અને જો પાકવીમાં કંપનીઓએ રાજ્ય સરકારને બદનામ કરવા આવા મેસેજ કર્યા હોયતો રાજ્ય સરકારે પાકવીમાં કંપનીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ અને ખેડૂતોને તાત્કાલિક પાકવીમાં આપવો જોઈએ.

# સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સિંહોના હુમલામાં અચાનક વધારો : ચિંતાજનક આંકડા સામે આવ્યા

### સૌરાષ્ટ્રમાં માનવ ઉપર હુમલા ન કરનારા સિંહો માનવભક્ષી બનતા વન વિભાગ કામે લાગ્યું

અમદાવાદ, તા.૧૩

ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારોમાં સિંહોના હુમલામાં અચાનક વધારો થયો છે. સ્થિતિ એ છે કે છેલ્લા બે વર્ષમાં હુમલાની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં ૭ સપ્ટેમ્બરની રાત્રે એક સિંહણ પાંચ વર્ષની બાળકીને ઉપાડી ગઈ હતી. વન વિભાગને સવારે તેનો વિકૃત મૃતદેહ મળી આવ્યો હતો. ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા અમરેલી જિલ્લામાં એક સનસનીખેજ ઘટના પ્રકાશમાં આવી છે. અહીંના હલરિયા ગામમાં એક સિંહણે પાંચ વર્ષની બાળકીને મારી નાખી હતી. ૭ સપ્ટેમ્બરની રાત્રે બાળકી તેના માતા-પિતા સાથે ગામની સીમમાં આવેલા એક મકાનમાં સૂતી હતી. તે જ સમયે સિંહણ આવી અને બાળકીને મોઢામાં લઈને જંગલ તરફ ભાગી ગઈ. બાદમાં વન વિભાગના કર્મચારીઓને બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. લાયન અભયારણ્યની નજીક રહેતી ગીચ માનવ વસ્તી અને તેની અનામત સીમાઓથી આગળ વધતા સિંહોની સંખ્યાને ધ્યાનમાં રાખીને સિંહોના હુમલામાં આ વધારો ખાસ કરીને ચિંતાજનક છે. ડેટા દર્શાવે છે કે સિંહોના હુમલાને કારણે માનવ મૃત્યુમાં તીવ્ર વધારો થયો છે. ૨૦૨૧માં બે મૃત્યુથી ૨૦૨૨માં પાંચ મોત થયા છે, જે ૧૫૦ ટકાનો વધારો સૂચવે છે. જો કે, માણસોને ઈજા થવાના બનાવોમાં ૯.૫ ટકાનો ઘટાડો થયો છે. જે ૨૦૨૧માં ૨૧થી ઘટીને ૧૯ થઈ ગઈ છે. ત્યારપછી ૨૦૨૨ પછી સ્થિતિ ચિંતાજનક છે. તેનાથી વિપરીત, દીપડા સંબંધિત ઘટનાઓમાં માનવ મૃત્યુમાં ૨૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જે ૨૦૨૧માં ૧૫થી ઘટીને ૨૦૨૨માં ૧૨ થઈ ગયો છે. એ જ રીતે, દીપડાના હુમલાની ઘટનાઓમાં પણ ૨૦ ટકાનો ઘટાડો થયો છે, ૨૦૨૧માં આવી ૧૦૫ અને ૨૦૨૨માં ૮૪ ઘટનાઓ નોંધાઈ છે. આ વિસ્તારમાં સિંહ-સિંહણના હુમલાના બનાવોમાં ચિંતાજનક વધારો થયો છે. છેલ્લા બે વર્ષમાં, ગીર પ્રદેશમાં દર ૧૦૦ સિંહો માટે સરેરાશ એક માનવ મૃત્યુ અને દર ૧૦૦ દીપડાએ બે માનવ મૃત્યુ નોંધાયા છે.

## હાલ વરસાદ રિસાતા કચ્છના ખેડૂતોની હાલત કફોડી : સિંચાઈના પાણીની વ્યવસ્થા પણ નહીં

### છેલ્લા દોઢ મહિનાથી સમગ્ર કચ્છ જિલ્લો સાવ કોરા : કપાસ, મગફળી, એરંડા, ઘાસચારો, શાકભાજીને નુકસાનની ભીતિ

અમદાવાદ, તા.૧૩

શરૂઆતમાં ધમાકેદાર એન્ટ્રી બાદ હાલ કચ્છમાં વરસાદ રિસાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. કચ્છ જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતિત બન્યા છે. મેઘરાજાએ હાથ તાળી આપી હોય તેમ વરસાદ નહીં પડતા ખેડૂતોનો ઊભો પાક સૂકાઈ રહ્યો છે. કચ્છ જિલ્લાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જિલ્લામાં ખેડૂતો વરસાદ આધારિત ખેતીકરી રહ્યા છે. ચોમાસાની શરૂઆતમાં કચ્છ જિલ્લામાં સારો એવો વરસાદ પડતા ખેડૂતો વાવેતર કર્યું હતું. પરંતુ છેલ્લા દોઢ મહિનાથી મેઘરાજા રિસાયા હોય તેમ વરસાદ નહીં પડતા ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. વરસાદ ખેંચાતા ખેડૂતોના જીવ તાળવે ચોંટેલો છે. કચ્છના ખેડૂતો ચાતક નજરે મેઘરાજાની રાહ જોઈ રહ્યા છે. લાંબા વિરામ બાદ કચ્છમાં હજુ સુધી વરસાદી સંજોગો નહીંસર્જાતા જગતના તાત ખેડૂત ઉપર સંકટના વાદળ ઘેરાયા છે. કચ્છ જિલ્લામાં સિંચાઈ માટેના પાણીની વ્યવસ્થા નથી. બીજી બાજુ પાણીના તળ ખૂબ જ ઊંડા ગયા છે. તેવામાં મેઘરાજાએ રિસામણા કરતા ખેડૂતો ચિંતિત બન્યા છે. સમયસર વરસાદ નહીં પડે તો કપાસ, મગફળી, એરંડા, ઘાસચારો, શાકભાજી સહિતના પાકમાં નુકસાન જવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે

# ગુજરાત હાઈકોર્ટના ઈતિહાસમાં એક નવો “હેરાલ્ડ” : અકસ્માત કેસમાં પીડિત પરિવારને રૂા. ૫.૪૦ કરોડનો ચેક આપવામાં આવ્યો

અમદાવાદ, તા.૧૩

નામદાર મુખ્ય ન્યાયમૂર્તિ તથા પેટ્રન ઈન ચીફ, ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ સુનીતા અગ્રવાલના સક્ષમ અને સબળ નેતૃત્વ તથા નામદાર ન્યાયમૂર્તિ એન.વી.અંજારિયા (માનનીય કારોબારી અધ્યક્ષ, ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ) તથા નામદાર ન્યાયમૂર્તિ બીરેનવૈષ્ણવ (માનનીય ચેરમેન, હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટી)ના સચોટ માર્ગદર્શન તથા સલાહ સુચન મુજબ માનનીય સેક્રેટરી બી.એચ.ઘાસુરા, હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટીના સહકારથી પ્રથમવખત તારીખ ૦૯.૦૯.૨૦૨૩ના રાષ્ટ્રીય લોક અદાલતમાં વીમા કંપની IFFCO ટોકિયોએ બે ઉચ્ચ મૂલ્યની MACT અપીલોની શક્ય તેટલી ઝડપથી પતાવટ કરી છે. સદરહુ સમાધાનમાં નામદાર ન્યાયમુર્તિ ઈલેશ જે વોરા તથા વિ. ડેઝિગ્નેટેડ સિનીયર ધારાશાસ્ત્રી પી કે જાની કન્સીલીયેટર્સ તરીકે પોતાની અમુલ્ય સેવાઓ આપી હતી. તારીખ૦૯.૦૯.૨૦૨૩ના રોજ યોજાયેલ રાષ્ટ્રીય લોકઅદાલતમાં ઈતિહાસમાં સૌપ્રથમ વખત “અપીલના ઝડપી સમાધાન”ના ગુજરાત હાઈકોર્ટના ઈતિહાસમાં એક નવો રેકોર્ડ હેરાલ્ડ કર્યો છે. વીમાકંપની -(વિ. એડવોકેટ કીર્તિ એસ. પાઠક દ્વારા પ્રતિનિધિત્વ) IFFCO ટોકિયો જનરલ ઈન્સ્યોરન્સ કંપનીએ અપીલ સ્ટેજ ઉપર સૌથી ઝડપી ક્લેમ સેટલમેન્ટની પહેલ કરી છે. દાવેદારો એડવોકેટ હિરેનો અરજીની તારીખથી હુકમની તારીખ સુધી ૯%ના વ્યાજ ઉપર રૂા.૬,૩૧,૩૫,૦૦૦/-ની દાવા અરજી દાખલ કરી હતી જેની સામે વીમા કંપની વાટાઘાટોના અનેક રાઉન્ડ પછી રૂા. ૫,૪૦,૪૫,૯૯૮/- ચૂકવવા સંમત થયા હતા. અકસ્માતમાં મૃત્યુપામેલા મૃતકના પરિવારનો એલિટ વર્ગમાં સમાવેશ થાય છે. મૃતક B.E અને M.B.Aની શૈક્ષણિક ડિગ્રી ધરાવતા હતા. તેમનું વાર્ષિક પેકેજ રૂા.૩૧,૦૦,૦૦૦/- (આવક ટ્રિબ્યુનલ સમક્ષ સાબિત થયેલ છે) વાર્ષિક CTC એ Endress+Hauser (India) Pvt. Ltd. સાથે “જનરલ મેનેજર (સેલ્સ)” તરીકે કામ કરતા હતા. અકસ્માત સમયે મૃતકની ઉંમર ૪૦ વર્ષની હતી તેમજ તેઓ ઉપર પત્ની, બેસગીર પુત્રો અને માતા-પિતાના જીવન નિર્વાહની જવાબદારી હતી. ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ તથા હાઈકોર્ટ લીગલ સર્વિસીસ કમિટીના સચોટ માર્ગદર્શન અને સલાહ સુચન મુજબ વીમા કંપનીના વિ. ધારાશાસ્ત્રી કુ. કિર્તીએસ. પાઠક દ્વારા કરવામાં આવેલી આ એક પ્રકારની અનોખી પહેલ છે જેમાં દાવેદારો એડમિશન સ્ટેજ ઉપર એપેલેટ કોર્ટમાં ઝડપી અને સૌથી ઝડપી શક્ય વળતર મેળવશે તે જ સમયે વીમા કંપની પણ નોંધપાત્ર બચત કરશે. પીડિત પરિવારને ટૂંકા ગાળામાં વળતર આપવાની આ પ્રક્રિયા દેશભરમાં લાગુ થવી જોઈએ જેમાં જો તમામ હિસ્સેદારો જીત-જીતની પરિસ્થિતિ ઉપર પહોંચે તો કદાચ ૫૦% મુકદમાઓ સૌહાર્દપૂર્ણ અને મુશ્કેલી મુક્ત રીતે સમાપ્ત થશે. હાલની સેટલમેન્ટ અપીલ દાખલ કરવાના ટૂંકા ગાળામાં દાવાની સૌથી ઝડપી પતાવટના રેકોર્ડ બ્રેકિંગ અને તે રીતે બંને હિસ્સેદારો દ્વારા “વિન-વિન” પરિસ્થિતિમાં પહોંચવાનું એક અદ્વિતીય ઉદાહરણ પ્રોજેક્ટ કરે છે.

## G-20 સમિટમાં ભારતનો દબદબો જોઈ ચીનની ચિંતા વધી

(એજન્સી) તા.૧૩

ચીનના સંરક્ષણ મંત્રાલય સાથે સંકળાયેલા એક સમૂહે ભારત પર જી૨૦ સમિટ દરમ્યાન તેના જ એજન્ડાને આગળ વધારવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે તે ચીનના હિતોને નુકસાન પહોંચાડવા માગતો હતો. ચીને આ દરમ્યાન ભારત પર જી૨૦ સમિટનો દુરૂપયોગ કરવાનો પણ આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે તે આ અધ્યક્ષતાનો લાભ તેના હિતોને સાધવા માટે અને ચીનને નિશાન બનાવવા માટે અને ચીનના હિતોને નુકસાન પહોંચાડવા કરી રહ્યો છે. ચીનની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કન્ટેમ્પરરી ઈન્ટરનેશનલ રિલેશને આ ટિપ્પણી બે દિવસીય જી૨૦ સંમેલન પૂરૂં થયા બાદ કરી હતી. ઉલ્લેખનીય છે કે આ સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ગેરહાજર રહેવાને કારણે પહેલાથી જ ભારત સહિત અમેરિકા અને અન્ય દેશોએ ચીનની આકરી ઝાટકણી કાઢી હતી. આ ચીની થિંક ટેક્કે ભારત ઉપર વધુમાં આરોપ મૂક્યો હતો કે વૈશ્વિક સ્તરે પોતાની ધાક જમાવવા માટે ભારત જિઓપોલિટિકલ પ્રાઈવેટ ગુડ્સને પ્રોત્સાહન આપી રહ્યું છે. અગાઉની સમિટો કાશ્મીર જેવા વિવાદિત વિસ્તારમાં પણ યોજવામાં આવી હતી. તેના ઉપર પાકિસ્તાન પણ દાવો કરે છે અને અરૂણાચલ પ્રદેશ ઉપર ચીન દાવો કરે છે. થિંક ટેક્કે તેના વીચેટ એકાઉન્ટ ઉપર એક ટિપ્પણીમાં લખ્યું છે કે, વિવાદિત પ્રદેશોમાં મીટિંગ્સનું આયોજન કરવામાં ભારતની ક્રિયાઓએ પણ ધ્યાન ખેંચ્યું છે,

# એલોન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા Starlink શું છે અને તે ભારતમાં ક્યારે લોન્ચ થશે ?

(એજન્સી) તા.૧૩

એલોનમસ્કના મહત્ત્વાકાંક્ષી ઈન્ટરનેટપ્રોજેક્ટ સ્ટારલિંક પાસે હવે ૪૨૦૦+ ઉપગ્રહો ફરે છે, તે કુલ સક્રિય ઉપગ્રહોની સંખ્યાના અડધાથી વધુ છે. વૈજ્ઞાનિક સમુદાયમાંથી ઘણા લોકો રાત્રિના આકાશની દશ્યતા ઉપર તેમની વધતી અસર વિશે ચિંતિત છે. પરંતુ આ સ્ટારલિંક શું છે, તે કેવી રીતે કાર્ય કરે છે, શું તે ભારતમાં ઉપલબ્ધ છે અને તે શા માટે વિવાદાસ્પદ છે ? આજે અમે આ પ્રશ્નોના જવાબ જાણીએ છીએ. સ્ટારલિંક એ સ્પેસએક્સ દ્વારા રજૂ કરવામાં આવેલ એક પ્રોજેક્ટ છે, જે એલોન મસ્ક દ્વારા સ્થાપિત કંપની છે, જે હજારો ઉપગ્રહોના નક્ષત્રનો ઉપયોગ કરીને ગ્રહ ઉપર ગમે ત્યાં હાઈ-સ્પીડ ઈન્ટરનેટ એક્સેસપ્રદાન કરે છે. ઉપગ્રહો ૬૦ બેચમાં લોન્ચ કરવામાં આવે છે અને લગભગ ૫૫૦ કિલોમીટરની નીચી ઊંચાઈએ પૃથ્વીની પરિક્રમા કરે છે. સ્ટારલિંકનો ઉદ્દેશ્ય હાલના વિકલ્પો કરતાં ઝડપી, સસ્તી અને વધુ વિશ્વસનીય એવી બ્રોડબેન્ડ સેવા પ્રદાન કરવાનો છે, ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં જ્યાં કનેક્ટિવિટી મર્યાદિત અથવા અસ્તિત્વમાં નથી તેના માટે તે મહત્ત્વપૂર્ણ છે.

**સ્ટારલિંક કેવી રીતે કામ કરે છે ? :-**

પરંપરાગત સેટેલાઈટ ઈન્ટરનેટથી વિપરીત જે એક જ ભૂસ્થિર ઉપગ્રહ ઉપર આધાર રાખે છે જે ગ્રહની ઉપર લગભગ ૩૫,૦૦૦ કિ.મી. ઉપર પરિભ્રમણ કરે છે, સ્ટારલિંક ઉપગ્રહો સપાટીની ખૂબ નજીક, લગભગ ૫૫૦ કિ.મી. ઉપર ઉડે છે, લેટન્સી ઘટાડે છે અને કનેક્શનની બેન્ડવિડ્થમાં વધારો કરે છે. દરેક ઉપગ્રહ ક્ષમતા વધારવા માટે ચાર તબક્કાવાર એરે એન્ટેના અને બે પેરાબોલિક એન્ટેનાનો ઉપયોગ કરે છે. સ્ટારલિંક ઉપગ્રહો અદ્યતન તક્નિકોનો ઉપયોગ કરે છે જેમ કે ઓપ્ટિકલ સ્પેસ લેસર, આયન પ્રોપલ્શન સિસ્ટમ્સ અને સ્વ-ઓરિએન્ટિંગ એન્ટેના એકબીજા સાથે અને ગ્રાઉન્ડ સ્ટેશનો સાથે વાતચીત કરવા માટે ઉપયોગ થાય છે. આ પ્રોજેક્ટ હાલમાં બીટા પરીક્ષણમાં છે, ત્યારે SpaceX સમગ્ર વિશ્વને આવરી લેવા અને સાર્વત્રિક ઈન્ટરનેટ એક્સેસ પ્રદાન કરવા માટે આગામી વર્ષોમાં વધુ હજારો ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના ધરાવે છે. સ્ટારલિંકનો ઉપયોગ કરવા માટે તમારે સ્ટારલિંક કીટની જરૂર પડે છે જેમાં સ્ટારલિંક ડીશ, વાઈફાઈ રાઉટર/પાવર સપ્લાય, કેબલ્સ અને બેઝનો સમાવેશ થાય છે. તમે તમારી સેવાનું સંચાલન કરવા અને તમારા સિગ્નલની શકિત તપાસવા માટે Starlink એપ્લિકેશનનો ઉપયોગ કરી શકો છો.

**સ્ટારલિંક કેટલી ઝડપી છે ? :-**

ઈન્ટરનેટ પરફોર્મન્સને માપતી વેબસાઈટ Ooklaના તાજેતરના ડેટા અનુસાર, ૨૦૨૩ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં યુએસમાં સ્ટારલિંકની સરેરાશ ડાઉનલોડ સ્પીડ 67Mbps હતી. સ્ટારલિંક હજુ પણ તેના સેટેલાઈટ હરીફો, Viasat અને HughesNetને પાછળ રાખી દે છે, જે અનુક્રમે 34Mbps અને 15Mbpsની સરેરાશ ડાઉનલોડ સ્પીડ આપે છે. પરંતુ તે યુ.એસ.માં ફિક્સ્ડ બ્રોડબેન્ડની સરેરાશ ઝડપથી ઓછી છે, જે સમાન સમયગાળામાં 193Mbps હતી, તે હવામાન, સ્થાન અને દિવસના સમય જેવા પરિબળોને આધારે તેની કામગીરી બદલાય છે. સ્ટારલિંક કહે છે કે, તે વધુ સેટેલાઈટ લોન્ચ કરીને વધુ ગ્રાઉન્ડ સ્ટેશન ઈન્સ્ટોલ કરીને અને તેના સોફ્ટવેરને અપગ્રેડ કરીને તેની સેવામાં સતત સુધારો કરી રહી છે. આ કંપની આ વર્ષના અંતમાં તેના ડીશ એન્ટેનાનું સસ્તું અને વધુ પોર્ટેબલ વર્ઝન ઓફર કરવાની પણ યોજના ધરાવે છે. સેટેલાઈટ ઈન્ટરનેટ ફાઈબર જેટલું ઝડપી ન હોય, પરંતુ તેનો એક મોટો ફાયદો તેની સુલભતા છે. ફાઈબરને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર હોય છે, સેટેલાઈટ ઈન્ટરનેટ આકાશથી પૃથ્વી પર લગભગ ગમે ત્યાં સુધી સિગ્નલોને બીમ ડાઉન કરી શકે છે. તેનો અર્થ એ છે કે, જે લોકો ગ્રામીણ અથવા ઓછી સેવા ધરાવતા પ્રદેશોમાં રહે છે તેઓ બ્રોડબેન્ડ સ્પીડનો આનંદ માણી શકે છે જે DSL અથવા કેબલ સાથે તુલનાત્મક અથવા વધુ સારી છે. સ્ટારલિંક લોઅર્થ ભ્રમણકક્ષા ઉપગ્રહોના નવા પ્રક્ષેપણ સાથે ઝડપ અને લેટન્સીમાં સુધારો કરવાની યોજના ધરાવે છે.

**સ્ટારલિંક કેટલી લોકપ્રિય છે ? :-**

સ્પેસએક્સ અનુસાર મે ૨૦૨૨ સુધીમાં સ્ટારલિંક પાસે ૪,૦૦,૦૦૦ વૈશ્વિક સબ્સ્ક્રાઈબર્સ છે, જે માર્ચમાં ૨,૫૦,૦૦૦ સબ્સ્ક્રાઈબર્સ કરતાં નોંધપાત્ર વધારો છે. સ્ટારલિંક એપે સપ્ટેમ્બરમાં છઁન્નીના એપ સ્ટોર ઉપર યુએસમાં ટોચની ૧૦૦ સૌથી વધુ ડાઉનલોડ કરાયેલ iPhone એપ્સની યાદીમાં પણ પ્રવેશ કર્યો હતો, જે સેવાની વધતી જતી માંગને દર્શાવે છે.

**શું સ્ટારલિંક ભારતમાં ઉપલબ્ધ છે ? :-**

સ્ટારલિંક ટૂંક સમયમાં ભારતમાં તેની સેવાઓ શરૂ કરે તેવી અપેક્ષા છે. કંપનીએ દૂરના વિસ્તારોમાં ઈન્ટરનેટ એક્સેસ માટે સેટેલાઈટ ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ને પહેલેથી જ પત્ર લખ્યો છે. જો કે, હાલમાં કોઈ લોન્ચ તારીખ અથવા કિંમતની યોજના સામે આવી નથી. પરંતુ એલોન મસ્કની માલિકીની કંપની ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ પ્રદાન કરવાની રેસમાં એકમાત્ર કંપની નથી. ટેલિકોમ જાયન્ટ્સ એરટેલ અને જિયો પણ આ ઉભરતા બજાર માટે તૈયારી કરી રહ્યા છે. એરટેલ-સમર્થિત OneWeb અને Jioની સેટેલાઈટ આર્મ, Jio Space Technology એ GMPCS લાયસન્સ માટે અરજી કરી છે, જે સેટેલાઈટ-આધારિત સંચાર સેવાઓ પ્રદાન કરવા માટેની પૂર્વશરત છે.




**શા માટે સ્ટારલિંક વિવાદાસ્પદ છે ? :-**

વિશ્વભરમાં ઈન્ટરનેટ એક્સેસ પ્રદાન કરવાના સ્ટારલિંકના વિઝનને સાકાર કરવા માટે, આકાશને હજારો વધારાના ઉપગ્રહોની જરૂર પડશે. ખગોળશાસ્ત્રીઓ અને પર્યાવરણવાદીઓને ડર છે કે, આ રાત્રિના આકાશની કુદરતી સુંદરતા અને સંતુલનને વિક્ષેપિત કરશે, કારણ કે, આ નીચા-ભ્રમણકક્ષાના ઉપગ્રહો અત્યંત દશ્યમાન અને પ્રતિબિંબીત છે અને અંધારા આકાશમાં તેજસ્વી છટાઓ ઊભી કરે છે. આ ખગોળશાસ્ત્રીય અવલોકનો અને આકાશી જીવનમાં પણ દખલ કરે છે. સ્ટારલિંક દ્વારા તેના ઉપગ્રહો માટે વિવિધ ડિઝાઈન અને કોટિંગ્સનું પરીક્ષણ કરીને આ સમસ્યાને હળવી કરવાના પ્રયાસો છતાં, ઘણા નિષ્ણાતો અવકાશમાં કૃત્રિમ વસ્તુઓની આટલી મોટી જમાવટની લાંબા ગાળાની અસરો વિશે ચિંતિત છે. સ્ટારલિંકનો વિવાદ ઝડપથી વિકસતા ખાનગી અવકાશ ઉદ્યોગના વધુ નિયમન અને દેખરેખ તેમજ વિવિધ હિસ્સેદારો વચ્ચે વધુ સંવાદ અને સહયોગની જરૂરિયાતને પ્રકાશિત કરે છે.

## ખેતરમાં વીજ શોક લગાવતા પહેલા ચેતજો

# કોડીનારના આણંદપુર ગામે સિંહના ઈલેકટ્રીક શોર્ટના કારણે મરણ સબંધેના બંને આરોપીની જામીન અરજી ફગાવતી કોડીનારની એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ

**બંને ખેડૂત ભાઈઓએ પાક બચાવવા ખેતરમાં લગાવેલ વીજ કરંટથી સિંહનું મૃત્યુ થયાનો પી.એમ.રિપોર્ટમાં ખુલાસો થતાં બે સગા ભાઈઓની ધરપકડ થઈ હતી**

(મુગલઅલ્તાફ દ્વારા)
કોડીનાર તા.૧૩

કોડીનાર તાલુકાના આણંદપુર- પેઢાવાડા ગામ નજીકના નદી વિસ્તારમાંથી સિંહની કોહવાયેલી લાશ મળી આવ્યાના મામલે વન વિભાગ દ્વારા સઘન તપાસ અનેફોરેન્સિક પી.એમ કર્યા બાદ હકીકત સામે આવી હતી કે, ૩ થી ૫ વર્ષનાઆ નર સિંહનું મોત વીજ શોક લાગવાને કારણે થયું છે. આ સંદર્ભે વન વિભાગ દ્વારા ઉંડી તપાસ હાથ ધરીને બે ખેડૂતોની અટકાયત બાદ કોડીનાર કોર્ટમાં રજૂ કરતા કોર્ટે જામીન ફગાવી જૂનાગઢ જેલ હવાલે મોકલી આપ્યા હતા. જ્યારે આ બંને આરોપી જીતુભાઈ વરસંગભાઈ પરમાર અને વિરભાણભાઈ વરસંગભાઈ પરમાર, રહે.આણંદપુર સામે જામવાળા રેન્જ ફોરેસ્ટ દ્વારા ગુ.ર.નં.૦૨/ ૦૨૩-૨૪ અન્વયે વાઈલ્ડલાઈફ એકટની કલમો મુજબનો ગુન્હો વન વિભાગ દવારા નોંધાયેલ, જે ગુનાના આરોપીઓએ કોડીનારના એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, કોડીનારમાં જામીન ઉપર મુકત થવા અરજી નં. ૬૯૨૦૨૩થી દાખલ કરેલ હતી. આ અરજીમાં સરકાર પક્ષે વન વિભાગ વતી જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ ધારદાર દલીલો કરેલ કે, આરોપીઓએ રાષ્ટ્રીય ગૌરવ સમાન સિંહનું મૃત્યુ નિપજાવેલ છે.અને તેના મૃતદેહનો નાશ કરતા પ્રાથમીક પુરાવાઓ છે તેમજ આ કાયદાનો હેતુ વન્ય જીવનની નાશ પામતી પ્રજાતિઓને બચાવવાનો રહેલ છે. જેથી વ્યકિત સ્વાતંત્ર અને ગુનામા સજાની જોગવાઈઓ ધ્યાને ન લેતા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ આ કામે આરોપીના જામીનમા મુકત ન કરવા જોઈએ તેમજ વાઈલ્ડલાઈફ એકટ વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે સરકાર દ્વારા સ્પેશિયલ કાયદો બનાવેલ હોય જેથી ગુનાની ગંભીરતા વધી જાય છે. આ કામે તપાસ ચાલુ છે અને ગુનાના કામે મુદ્દામાલ અને અન્ય રીકવરી એફ.એસ.એલ. માટે મેળવવાની હોય જેનો આરોપીઓ નાશ કરી શકે તેવી સંભાવનાઓ રહેલ છે. તેવા સંજોગોમા સમાજના હીત માટે અને સમાજમાં દાખલો બેસે તે માટે પણ આરોપીના જામીન ફગાવવા જોઈએ એવી ધારદાર રજુઆતો સરકાર તરફે કરાયેલ. જે રજુઆતો ને કોર્ટેએ લક્ષમાં રાખી, એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ કોડીનાર એ આરોપીઓની જામીન પર મુકત થવાની અરજી ના મંજૂર કરેલ છે. તેવું જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ ડી. વાળાએ અખબારી યાદીમાં જણાવેલ છે.

# સોમનાથ-વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકામાં પ્રથમ વખત સોમપુરા બ્રાહ્મણ સમાજના પ્રમુખ બન્યા પલ્લવીબેન જાની





(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)
પ્રભાસપાટણ તા. ૧૩

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાના પ્રથમ ટર્મના અઢીવર્ષની મુદત પુરી થતા નવી ટર્મ અઢી વર્ષ માટેના મહિલા પ્રમુખની ચુંટણી ગઈકાલે વેરાવળ નગરપાલિકા સભાખંડમાં યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે સોમનાથ-પ્રભાસ પાટણના સોમપુરા બ્રાહ્મણ સમાજના મહિલા સભ્ય પલ્લવીબેન જયદેવ જાની ચુંટાયા હતા જયારે ઉપપ્રમુખ પદે વેરાવળના જયેશ માલમડી અને કારોબારીમાં ચંદ્રિકાબેન સિકોતરીયા તથા પક્ષ નેતા તરીકે દિક્ષીતાબેન અઢીયા ચુંટાયા હતા.

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમવખત જ સોમપુરા બ્રાહ્મણ સમાજ અને મહિલાને પ્રમુખપદ મળ્યું છે. સને ૧૯૪૭ માં દેશ સ્વતંત્ર થતા તથા જૂનાગઢ રાજયનું ભારતીય સંઘ સાથે જોડાણ થતાં ૧૯૫૦માં વેરાવળને પ્રજાકીય શહેર સુધરાઈ આપવામાં આવી અને તા.૧૯-૧-૧૯૫૦ ના રોજ તત્કાલીન પ્રમુખ તરીકે વકીલ હિરાચંદ ગાંધી ચુંટાયા હતા.

નગરપાલિકા બોર્ડમાં પલ્લવીબેન જાની ૧૦૯માં પ્રમુખ બન્યા છે. આ લીસ્ટમાં પ્રમુખ જયારે રજા ઉપર જાય ત્યારે ઈન્ચાર્જ ઉપપ્રમુખો અને સુપરસીડો વખતેના એડમીનીસ્ટ્રેટરોને પણ અનુક્રમમાં લેવાયા છે.

સોમનાથ-પ્રભાસ પાટણના ધાર્મિક કર્મકાંડ પરિવારમાં વસ્તા પલ્લવીબેનના પતિ જયદેવ જાની આગલા બોર્ડમાં ઉપપ્રમુખ પદે રહી ચુકેલા છે. ૧૯૮૬ થી ભાજપ વિચારધારાને વરેલા તેઓ મુક સેવા માટે જાણીતા છે. એસએસસી પાસ જાન્યુઆરી ૬૯માં જન્મેલા તેઓ તેમના નિવાસ સ્થાને અવાર-નવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મન કી બાતના સમુહ શ્રવણ કાર્યક્રમો અને ભાજપની તેમજ રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોંચે તે માટે સક્રિય રહે છે. ચુંટાયા બાદ સોમનાથ મહાદેવના દર્શન સાથી સભ્યો સાથે કરી સોમનાથ મહાદેવના આશીર્વાદ મેળવ્યા હતા. પલ્લવીબેન છેક સુધી ખબર નહોતી કે તેમને પ્રમુખ પદ મળશે. જો કે સૌ તેઓને ચુંટણીના બે -ત્રણ દિવસ અગાઉથી જ અભિનંદન આપતા રહેતા હતા. તેઓ નગરપાલિકા બેઠકમાં સામાન્ય નાગરીકની જેમ રીક્ષામાં બેસીને આવ્યા અને કારમાં પ્રમુખનો હોદો લઈને ઘરે પરત ફર્યા હતા. જોગાનું જોગ વેરાવળને નવા પ્રમુખને નવી કાર પણ મળશે. કારણ કે જુની કાર ક્ષતિગ્રસ્ત થયેલ સ્થિતીમાં છે.

નગરપાલિકાના સભાખંડ ખાતે યોજાયેલી ચુંટણીમાં પ્રમુખ-ઉપપ્રમુખ હાથ ઉંચા કરીનો મતદાન લેવાતા પ્રમુખ-ઉપપ્રમુખને ૩૧ ભાજપના મત મળ્યા જયારે કોંગ્રેસના ઉમેદવારને ૧૩ મત મળ્યા હતા. રાજય સરકારે નગરપાલિકામાં અઢી વર્ષ માટે મહિલા પ્રમુખપ્રથા શરૂ કરાઈ ત્યારે વેરાવળ-પાટણ નગરપાલિકાના પ્રમુખ તરીકે ૧૯૯૮માં ભાનુબેન કુહાડા પ્રથમ મહિલા પ્રમુખ તરીકે ચુંટાઈ આવ્યા હતા.

# માંગરોળ સમસ્ત સિંધી સમાજ દ્વારા ચાલીયા મહોત્સવ દરમ્યાન ચાલીયા સાહેબ સહીત ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન

(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા. ૧૨



જૂનાગઢના માંગરોળ સિંધી સમાજ દ્વારા ઈષ્ટદેવ ઝુલેલાલ ભગવાનના ચાલીસ દિવસના પવિત્ર વ્રત ચાલીયા સાહેબ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દરમ્યાન ગઈકાલે સાંઈ શેહરાવાલેનું માંગરોળમાં આગમન થતા સિંધી સમાજ દ્વારા મુરલીધર વાડીખાતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં પ્રથમ સાંઈજીનું આગમનથતા ફુલોની વર્ષા તેમજ ફટાકડા ફોડી ભવ્ય સ્વાગત સત્કાર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સત્સંગ ભેરાણા સાહેબ, મહાઆરતી સમુહ મહાપ્રસાદ સહીત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ અવસરે માંગરોળ સમસ્ત સિંધી સમાજના પ્રમુખ નાનકરામ સોમૈયા, ઉપપ્રમુખ અશોકભાઈ ક્રિષ્નાણી, સમસ્ત સિંધી નવયુવક મંડળ પ્રમુખ પ્રકાશભાઈ લાલવાણી, સુનીલભાઈ કોટક, લિનેશભાઈ સોમૈયા, દિલીપભાઈ ટીલવાણી, પ્રકાશભાઈ તન્ના સહીતના તમામ આગેવાનો સાથે બહોળી સંખ્યામાં સિંધી સમાજના ભાઈ-બહેનો તથા વડીલો ઉપસ્થિત રહી ભગવાન ઝુલેલાલ સાહેબની આરાધના સાથે સમગ્ર કાર્યક્રમોનો લાભ લીધો હતો.

# કોડીનાર તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણી યોજાશે

**ભાજપ અને કોંગ્રસ બંને દ્વારા પ્રમુખ - ઉપપ્રમુખ માટે ફોર્મ ભરતા ચૂંટણી જંગ જામ્યો**

(મુગલઅલ્તાફ દ્વારા)
કોડીનાર, તા.૧૩

કોડીનાર તાલુકા પંચાયતમાં ચાલુ પ્રમુખ - ઉપપ્રમુખની ટર્મ પૂરી થતાં નવા પ્રમુખ - ઉપપ્રમુખની નિમણુંક માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપ અને કોંગ્રેસમાંથી એક પ્રમુખ અને એક ઉપપ્રમુખના ફોર્મ ભરાતાં આવતીકાલે પ્રમુખ -ઉપપ્રમુખની ચુંટણી યોજાશે. ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપએ પ્રમુખ પદે દિપુભાઈ નારણભાઈ બારડ અને ઉપ પ્રમુખ પદ માટે વિશાલભાઈ હમીરભાઈ ગાધેના મેન્ડેટ આપ્યા. જયારે કોંગ્રેસે પ્રમુખ પદે રણજીતભાઈ રામભાઈ રાઠોડ અને ઉપ પ્રમુખ પદ માટે દક્ષાબેન અશ્વિનભાઈ ચુડાસમાના મેન્ડેટ આપ્યા. માટે ઉપરોક્ત ૪ વચ્ચે ચૂંટણી યોજાશે તેવું તાલુકા વિકાસ અધિકારી એ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કોડીનાર તાલુકા પંચાયતમાં છેલ્લા ૨૫ વર્ષથી સતત ભાજપનું સાશન રહ્યું છે. હાલ તાલુકા પંચાયતમાં ભાજપ પાસે ૧૫ કોંગ્રેસ પાસે ૮ અન્ય ૧ તેમ સભ્ય સંખ્યા છે. ત્યારે ભાજપની સ્પષ્ટ બહુમતી છતાંય કોંગ્રેસના સભ્યોએ ફોર્મ ભરતા આવતીકાલે પ્રમૂખ ઉપપ્રમુખની ચુંટણી યોજાશે જેના ઉપર સમગ્ર તાલુકાની મીટ મંડાઈ છે.

# ઉના જુગાર દરોડો : ચાર ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)
ઉના, તા.૧૩

ઉના શહેરમાં જલારામ વાડી પાછળ આવેલ અર્જુન કોમ્પલેકસની બાજુમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતો હતો ત્યારે ગીર સોમનાથ જિલ્લા એલ સી બી. બ્રાન્ચના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર વી.કે. ઝાલાની સૂચનાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ બી. મોરી, રાજુભાઈ ગઢીયા અને પોલીસ કોન્સ્ટેબલ સંદીપસિંહ ઝનકાટ અને સ્ટાફે રેડ કરતા રૂપિયાની હાર જીતનો જુગાર રમતા જગદીશ દિનેશભાઈ સોરઠીયા, જયેશ કાળુભાઈ ગોઢાણીયા રે. બન્ને ઉના જીતુભાઈ બાલુભાઈ પરમાર રે. ધોકડવા , ભગીરથ પ્રવીણભાઈ ભટ્ટ રે.તડ વાળાને રૂપિયા ૪૨૪૫૦ રોકડા રૂપિયા અને જુગારનું સાહિત્ય સાથે પકડી પાડયા હતા અને ઉના પોલીસ સ્ટેશનેમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

**સગીરાના અપહરણ કેસના આરોપીની ધરપકડ**

ઉના તાલુકાના નવાબંદર મરીન પોલીસસ્ટેશનમાં દસમાસ પહેલા ૨૦૨૨માં સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ અને વિવિધ ગુનાઓ ઓનો ગુનો ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના અખતરીયા ગામનો રામજીભાઈ જીવનભાઈ મકવાણા સામે દાખલ થયેલ હતો. જે આરોપી દસ માસથી નાસતો ફરતો હોય અને તે ઘરે આવિયો હોવાની બાતમી મળતા નવાબંદર મરીન પોલીસના પી.એસ. આઈ.એ.બી. વોરા અને સરવેલાન્સ સ્કવોડના એ.એસ. આઈ. જોરૂભા નારણભાઈ મકવાણા, ગોવિંદસિંહ મહિપતસિંહ વાળા, વિજયસિંહ દુદાભાઈ ચોહાણે તુરંત આરોપીના ગામે જઈ રામજીભાઈ જીવનભાઈ મકવાણાને પકડી લઈ નવાબંદર મરીન પોલીસ સ્ટેશનને લાવી ધરપકડ કરી તપાસ શરૂ કરી છે.

# સોમનાથ-વેરાવળ એસટીને જન્માષ્ટમી પર્વે ટ્રાફીક ફળ્યો

**લક્ષ્યાંક અપાયો હતો રૂા.૬૦૦૦૦૦નો જ્યારે રૂા.૯,૩૭,૬૬૫ની તિજોરી ભરાણી**




(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)
પ્રભાસપાટણ તા. ૧૩

પવિત્ર શ્રાવણ માસ જન્માષ્ટમી પર્વ રાજાઓ, શનિવાર-રવિવાર અનુસંધાને સોમનાથ મહાદેવના દર્શન અનુસંધાને સોમનાથ-વેરાવળ એસટી બસ ડેપો મેનેજર દિલીપ શામળા અને ટ્રાફીક અધિકારી દયારામ મેસવાણીયાના માર્ગદર્શન હેઠળ ભારે ભીડને પહોંચી વળવા એકસ્ટ્રા બસોનું સંચાલન કરાયુંહતું. જેમાં ડેપોને તા.૫-૯-૨૩ થી તા.૧૦-૯-૨૩ સુધી રૂા.૬,૦૦,૦૦૦ નો લક્ષ્યાંક અપાયો હતો. જયારે આ ડેપોએ રૂા.૯,૩૭,૬૬૫ રૂપિયાની આવક મેળવી હતી. કુલ ૩૩૯ ટ્રીપ કરાઈ હતી જેના કિલોમીટર ૨૩,૩૦૦.૪૮ અને ઈપી કિ.મી. ૪૦.૨૪ તથા ૧૧,૯૩૪ મુસાફરોએ લાભ લીધો હતો. આ માટે ૭૬ વાહનો વપરાયા હતા. આ ઉપરાંત નિયમીત દોડતી બસોમાં સારો પ્રતિસાદ મળ્યો હતો જેની આવક અલગ રહેલ છે.

## બનાસ ડેરી અને NDDB વચ્ચે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર થયા

# ૨૦૨૫ સુધીમાં ૪ અત્યાધુનિક બાયોગેસ પ્લાન્ટની સ્થાપના થશે

બનાસકાંઠા, તા.૧૩

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અમે બનાસ ડેરીના ચેરમેન એવા શંકર ચૌધરીની આગેવાની હેઠળ ભારતનાં એક ઉચ્ચ સ્તરીય ડેલીગેશને જાપાનની મુલાકાત લીધી હતી. જેમાં NDDB ચેરમન મીનેશ શાહ, અમૂલ ફેડરેશનનાં MD જયેન મહેતા, બનાસ ડેરી MD સંગ્રામ ચૌધરી, NDDB ED રાજીવ સામેલ હતા. પ્રવાસનો મુખ્ય હેતુ મારુતિ સુઝુકી, બનાસ ડેરી અને NDDB વચ્ચે બનાસકાંઠા જિલ્લામાં ૪ અત્યાધુનિક બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે ત્રીપક્ષિય કરાર કરવાનો હતો. તેમજ આ ક્ષેત્રમાં જાપાનમાં થયેલા સંશોધન અને વિકાસની જાણકારી લેવાનો હતો.

આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ભારતને સ્વચ્છ બનાવવા અને ખેડૂતોને તેમના પશુપાલન વ્યવસાયની આડપેદાશોમાંથી વધારાની આવક મેળવવામાં મદદરૂપ થવાનો છે. આગળ જતાં પશુઓના છાણમાંથી મેળવાયેલી બાયો CNGની આ કલીન એનર્જીમાંથી ગ્રીન હાઈડ્રોજન તેમજ લિક્વિડ બાયો-મિથેન (LBM)નું ઉત્પાદન કરી ગ્રીન એનર્જીના સ્ત્રોત તરીકે વધુ ઉપયોગ કરી શકાશે.ત્યાં થયેલ કરાર મુજબ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૫ સુધીમાં પ્રારંભિક તબક્કામાં ૪ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. તમામ પક્ષોની પરસ્પર સમજૂતી મુજબ આ પ્લાન્ટોની સંખ્યા વધારો પણ કરવામાં આવશે. આ પ્લાન્ટો પ્રદૂષણ ઘટાડવામાં અને પર્યાવરણને જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે, તથા અંદાજિત રૂપિયા ૨૩૦ કરોડના કુલરોકાણ સાથે ગ્રીન અને ક્લીન એનર્જી પણ ઉત્પન્ન કરશે. CNG વાહનો માટે બળતણનું વિતરણ કરવા માટે દરેક પ્લાન્ટની સાથે બાયોગેસ ફિલિંગ સ્ટેશનો સ્થાપવામાં આવશે. તદઉપરાંત જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે જૈવિક ખાતરનું ઉત્પાદન પણ આ બાયોગેસ પ્લાન્ટો થકી કરવામાં આવશે.

# બારાડીના ગઢવી યુવાન પીએચડી થયા : કે.જે. ગઢવીએ માનવાધિકાર વિષય ઉપર ડિગ્રી મેળવી



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૧૨

આંતરરાષ્ટ્રીય માનવાધિકાર આયોગ ગુજરાત રાજ્ય પ્રમુખ કે.જે. ગઢવીને અમેરિકાની સેન્ટ્રલ ક્રિશ્ચિયન યુનિવર્સિટીએ ડોકટરેટની માનદ ડીગ્રી એનાયત કરી, બહુમાનકર્યું હતું. ગોવામાં યોજાયેલા પદવીદાન સમારંભમાં ગોવાના પૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામથ દ્વારા તેમને પી.એચ.ડી.ની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી.

# માંગરોળ તાલુકા પંચાયતના હોદેદારોની વરણી કરાઈ

(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા. ૧૩

ગઈકાલે માંગરોળ તાલુકા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખની સત્તાના સરકારશ્રીના નિયમો અનુસાર અઢી વર્ષ પૂર્ણ થવાની સાથે ભારતીય જનતા પાર્ટીની સત્તા હોય પાર્ટીની નો રીપીટ થિયરીના અભિગમ મુજબ જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા નિરીક્ષકો સાથે મોકલેલ કવર માંગરોળ શબિર હાઉસ ખાતે રાખેલ મિટીંગમાં ભાજપ તા.પં. સભ્યો તેમજ અન્ય બે સભ્યો તેમજ તાલુકા ભાજપ પ્રમુખ, મહામંત્રી, પ્રભારી તથા આગેવાનોની હાજરી વચ્ચે હરેશભાઈ પરસાણા દ્વારા ખોલવામાં આવતા જેમાં પ્રમુખ પ્રીતિબેન ડાભી અને ઉપપ્રમુખ તરીકે રાણીબેન કોડીયાતર તેમજ કારોબારી ચેરમેન કારીબેન ટીંબા, પક્ષના નેતા તરીકે પાંચાભાઈ ડાકી, દંડક પ્રભાબેન ચુડાસમાની વરણી થતા સર્વાનું મતે તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધેલ હતા. ત્યારબાદ તમામ તાલુકા પંચાયતના સભ્યો, આગેવાનો સાથે તાલુકા વિકાસ અધિકારી સમક્ષ પ્રમુખ ઉપપ્રમુખનું ફોર્મ ભરી રજુ કરેલ જે સામે એકપણ ફોર્મ ન આવતા બિનહરિફ થયેલ હતા. જે જાણી ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા અને ધારાસભ્ય દેવાભાઈ માલમ તેમજ પ્રભારી ચંદુભાઈ મકવાણા તથા આગેવાનો દ્વારા આભાર સાથે શુભકામનાઓ પાઠવવામાં આવેલહતી.

# ઉના નગરપાલિકાના હોદેદારોની બીનહરીફ વરણી : અભિનંદનની વર્ષા



ઉના તા. ૧૩

છેલ્લા છ ટર્મથી શાસક પક્ષ તરીકે સંપુર્ણ ભાજપની બહુમતી ધરાવતી ઉના નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ તથા કારોબારી ચેરમેન સહિતના હોદદારોની અઢી વર્ષાની ટર્મ પુરી થતા ગઈકાલે ઉના નગરપાલિકામાં નવનિયુકત હોદેદારોની નિમણૂંક માટેની સાધારણ સભા પ્રાંત અધિકારી શ્રી રાવલના અધ્યક્ષસ્થાને નગરપાલિકાના સભાખંડમાં મળેલ હતી. આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના ૩૪ સદસ્યો ઉપસ્થિત રહયા હતા. જેમાંથી ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા અપાયેલ મેન્ડેડ મુજબ બાકીના અઢી વર્ષની ટર્મમાં પ્રમુખ તરીકે પરેશભાઈ બાબુભાઈ બાંભણીયા તથા ઉપપ્રમુખ તરીકે દર્શનાબેન મયંકભાઈ જોશી, કારોબારી ચેરમેન તરીકે ધીરૂભાઈ મણીલાલ છગ અને રાજુભારથી કિશોરભારથી ગૌસ્વામીની શાસક પક્ષના નેતા તરરીકે તથા હંસાબેન પાનસુરીયાની દંડક તરીકે સર્વાનુમતે બિનાહરીફ વરણી કરવામાં આવી હતી. નવા વરાયેલા હોદેદારોનું ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે પુષ્પહારથી સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત ભાજપના મંત્રી તથા ઉના શહેરના પ્રભારી મહેશભાઈ કેશવાલા તેમજ મહામંત્રી સુનીલભાઈ મુલચંદાણીએ પણ અભિનંદન પાઠવ્યા હતા.

# મા ખોડલ અંગે વિવાદીત ટીપ્પણી ન કરવા ખોડલધામ ટ્રસ્ટની ચેતવણી

(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ, તા.૧૩

શ્રી ખોડલધામ મંદિરમાં બિરાજમાન મા ખોડલ પ્રત્યે સર્વ સમાજના શ્રદ્ધાળુઓ આસ્થા ધરાવે છે. ત્યારે મા ખોડલ વિશે તાજેતરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામીએ કરેલી વિવાદિત ટિપ્પણીથી મા ખોડલના ભક્તોની લાગણી દુભાઈ છે. ત્યારે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આ અંગે નિવેદન આપે છે કે, આ પ્રકારની વિવાદિત ટિપ્પણી કરીને મા ખોડલના ભક્તોની આસ્થાને ઠેસ પહોંચાડવામાં ન આવે અને ભવિષ્યમાં આ પ્રકારની વિવાદિત ટિપ્પણી ન કરવા સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવે છે.

# જૂનાગઢના સુપ્રસિધ્ધ દામોદર કુંડ ખાતે પિતૃ તર્પણ વિધી માટે ભાવિકો ઉમટી પડયા




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩

દેવાધીદેવ ભોળાનાથની ભકિત અને મહિમાન વર્ણવતા પવિત્ર શ્રાવણ માસની પુર્ણાહુતી થઈ છે અને સમાપન કરાયું છે.ત્યારે આજથી આરાવારાનો પ્રારંભ થયો છે. જેને લઈને પવિત્ર તીર્થ સ્થાનોમાં ભાવિકો પોતાના સ્વજનોના આત્માના કલ્યાણ માટે પિતૃ તર્પણ વિધી માટે ઉમટી પડયા છે અને ભાવપુર્વક વિધીવિધાન સાથે તર્પણ વિધી કરવામાં આવી રહી છે.જૂનાગઢના સુપ્રસિધ્ધ દામોદરકુંડનું ખુબ જ મહત્વ છે અને એકલા જૂનાગઢ નહીપરંતુ સૌરાષ્ટ્ર, ગુજરાત અને દુર-દુરથી ભાવિકો પુર્ણ શ્રધ્ધા સાથે દામોદર કુંડ ખાતે પિતૃ તર્પણ વિધી માટે આવતા હોય છે. ખાસ કરીને આરાવારાના દિવસોમાં અહીં તો ભાવિકો મટી સંખ્યામાં ઉમટી પડે છે અને ભાદરવા અમાસ દરમ્યાન વિદ્વાન બ્રહ્મદેવો દ્વારા ભાવિકો પોતાના સ્વજનોના આત્માની શાંતી માટે શ્રાધ્ધ કર્મ કરાવે છે. આજે આરાવારાનો પ્રથમ દિવસ હોય વહેલી સવારથી જ ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડયા છે અને દામોદર કુંડ ખાતે ભાવપુર્વક શ્રાધ્ધ કાર્ય અને તર્પણ વિધી કરવામાં આવી રહી છે.

(તસ્વીર : જયેશ મહેતા)

# સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જીલ્લા પંચાયત-મહાનગર પાલિકાના સુકાનીઓની ભાજપ દ્વારા સફળ પસંદગી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ, તા.૧૩

ભારતના સ્વપ્ર દ્રષ્ટતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ આગામી લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ બેઠક મેળવવા અને ફરીએકવાર શાસન અને સત્તા કબ્જે કરવાની તૈયારી ભારતીય જનતા પાર્ટીના રાજનિતીજ્ઞો દ્વારા વ્યુવ રચનાને આખરી ઓપ અપાયો છે અને એ મુજબ શતરંજના મોહરા ગોઠવવામાં આવી રહ્યા છે. બીજી તરફ વિરોધ પક્ષ એટલે કે જુદા-જુદા પક્ષોના શંભુમેળાએ પણ ગઠબંધનની નાવ ઉપર બેસી અને સત્તા મેળવવા માટેના હવાતીયા મારવામાં આવી રહ્ય છે. પરંતુ તેમાં મતભેદો મોટો પાયે હોવાનો સુર જાણકાર વર્તુળોમાંથી ચર્ચાઈ છે. દરમ્યાન ખાસ કરીને લોકસભાની ચૂંટણી હોય કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી અથવા તો જીલ્લા પંચાયતની ચૂંટણી કે પછી સ્થાનિક મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ દર વખતની જેમ આ વખતે પણ ગુજરાતમાં મોટા ભાગની પાલિકા, મહાનગરપાલિકા અને વિવિધ પંચાયતોમાં ભારતીય જનતા પાર્ટીના મહારથીઓ સત્તા સ્થાને બેઠેલા છે. બહુમતીના આ જંગમાં કયાંક લોકોમાં અસંતોષ, પક્ષના કાર્યકરોમાં નારાજગી તેમજ વિવિધ જ્ઞાતીઓના રચાતા સમીકરણો પણ બદલાતા રહે છે. દરમ્યાન ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ તેમજ અન્ય વરિષ્ઠ નેતાઓ દ્વારા પણ આગામી લોકસભાની ચૂંટણીનો જંગ જીતવા માટે અને ગુજરાતની મોટા ભાગની બેઠકો કબ્જે કરવા વ્યુવરચના ઘડી કાઢવામાં આવી છે અને આ રણનિતીના ભાગરૂપે ભાજપ એક પછી એક ચાલ હાથ ધરી છે અને જેમાં પ્રથમ ભાગરૂપે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જયાં પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણી એટલે નગરપાલિકા, મહાનગરપાલિકા તેમજ જીલ્લા પંચાયતોમાં જયાં પણ હોદેદારોની મુદત પુરી થઈ હોય ત્યાં નવા હોદેદારોને મુકવા કમર કસી અને ક્યાંક ચૂંટણી તો કયાંક બિનહરીફ વરણીનો ચક્રવ્યુવ રચ્યો છે. રાજકોટ મહા-નગરપાલિકા, જૂનાગઢ જીલ્લા પંચાયત તેમજ સૌરાષ્ટ્રમાં આવેલી વિવિધ પાલિકાઓમાં પણ ભાજપે પોતાનો હાથ ઉપર રાખવા માટે અને વિવિધ જ્ઞાતિ અને સમાજોને પણ પોતાની સાથે રાખવા અને ખુબ જ મોટા પ્રમાણમાં તેઓને સહકાર પ્રાપ્ત થાય અને સૌરાષ્ટ્ર અને ગુજરાતની મોટાભાગની બેઠકો કબ્જે કરી અને લોકસભાની ચૂંટણીમાં ભાજપની વિજેતા પતાકા ફરકાવવામાં સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જયાં પણ ભાજપનું શાસન છે તેવી કોર્પોરેશન તેમજ નગરપાલિકા, જીલ્લા પંચાયતોમાં જયાં અઢી વર્ષની મુદત પુરી થતા જનવા સુકાનીઓને સત્તા સોંપવા માટેની કામગીરી હાથ ધરી અને આ કાર્યને સફળતાપુર્વક પાર પાડવામાં ભાજપે ફરી એકવાર સિધ્ધી મેળવી છે અને સાબિત કરી આપ્યું છે કે, ગમે તે ચૂંટણી હોય પરંતુ ભાજપ આ વખતે પણ પુર્ણ બહુમતી સાથે સત્તાનો સુત્ર હાથ ધરશે તેમાં બે મત નથી તેવો વિશ્વાસ કાર્યકર્તાઓને અને જનતાને આવી ચુકયો છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જીલ્લા પંચાયત અને નગરપાલિકાને, મહાનગરપાલિકાના નવા સુકાનીઓની વરણી કરવામાં ભાજપને સફળતા પ્રાપ્ત થઈ છે અને ફરી એકવાર ભાજપની રણનીતિ બહાર આવી છે. આ કાર્ય સંપન્ન થયા બાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા લોકસભાની ચૂંટણીનું કેમ્પેઈન શરૂ કરવામાં આવનાર હોવાનું ભાજપના સુત્રોમાંથી જાણવા મળેલ છે.

## ઈન્ટેક જૂનાગઢ ચેપ્ટર દ્વારા 'આર્ટ એન્ડ ક્રાફટ અવેરનેસ' વર્કશોપ યોજાઈ ગયો




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩

ઈન્ટેક જૂનાગઢ ચેપ્ટર દ્વારા તા.૧૨-૯-૨૩ ના રોજ યોજાયેલ આ વર્કશોપમા ગ્લાસ પેઈન્ટિંગ, મોતી કલા, પેચ વર્ક વિષયને લગતી તાલીમ જૂનાગઢ જિલ્લાની સ્કુલના વિદ્યાર્થીઓમાં આર્ટ એન્ડ ક્રાફટ વિષયક અવેરનેસ ઉભી થાય એ પ્રકારની ખાસ વિશેષ તાલીમ ડો.સુભાષ આર્ય કન્યા વિદ્યાલય જૂનાગઢ ખાતે આપવામાં આવી હતી. ઈન્ટેકની સ્થાપના ઈ.સ.૧૯૮૪માં નવી દિલ્હી ખાતે કરવામાં આવી હતી, આ સંસ્થા ભારતભરમાં ૨૧૫થી વધુ ચેપ્ટર ચલાવે છે, જેનું કામ ભારતીય ઈતિહાસ, વારસા, સંસ્કૃતિની જાળવણી થાય અને સવર્ધન કરવાનું છે. આ સંસ્થા દર ત્રણ મહીને 'વિરાસત' નામનું મેગેઝીન અંગ્રેજી અને હિન્દી એમ બે ભાષામાં પ્રગટ કરે છે. આ વર્કશોપ આ પુષ્પાબા ખુમાણ અને શ્રીમતી સુમિત્રાબા માલાએ એકસપર્ટ તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને ખાસ તાલીમ આપી હતી. આ વર્કશોપમાં ડો.સુભાષ આર્યકન્યા વિદ્યામંદિર જૂનાગઢ, શ્રી વિવેકાનંદ વિનય મંદિર જૂનાગઢ, માતુશ્રી એમ.જે.ભુવા કન્યા વિદ્યાલય જોશીપુરા, શ્રી જીનીયશ પબ્લિક સ્કુલ જોશીપુરા, શ્રી સર્વોદય વિદ્યામંદિર મજેવડી, શ્રી સાંદીપની સ્કુલ ધંધુસરના ૬૦ વિદ્યાર્થીઓએ પોતાનું નામ આ વર્કશોપમાં નોધાવ્યું હતું. જયારે વર્કશોપના અંતે જે કોઈ કલાકૃતિઓ બની એ નીરખતા સહુ વિદ્યાર્થીના મુખ ઉપર સ્વસર્જન અને કંઈક નવું શીખ્યાનો આનંદ વર્તાતો હતો. આજના શહેરોમાં વસતા બાળકો કુંભારની માટીકલાથી અવગત થાય તે માટે બાબુભાઈ કતકપરાને ચાકડા સહિત બોલાવી માટીના વિવિધ વાસણો બનાવતા લાઈવ બતાવ્યા હતા.

ચાકડો આ વર્કશોપનું વિશેષ આકર્ષણ બનેલ સહુ વિદ્યાર્થીએ તસવીરો ખેંચાવી હતી. આ વર્કશોપનો હેતુ અને કાર્યક્રમની રસપ્રદ ભૂમિકા ઈન્ટેકના કન્વીનર ડો.પ્રદ્યુમ્ન ખાચરે બાંધી સહુને વિશેષ અવગત કરાવ્યા હતા. આ વર્કશોપનો મુખ્ય હેતુ હસ્તકલા, માટી કળા કાયમ જળવાતી રહે નવી પેઢી પણ વિવિધ કલા શીખે જાણે સમજે એ રહ્યો હતો. આ વર્કશોપમાં તમામ વિદ્યાર્થીઓને ઈન્ટેક દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મીતાબહેન જવાહરભાઈ ચાવડાની તથા ડો.બલરામ ચાવડા ઉપસ્થિતિ ઉત્સાહ પ્રેરક રહી. આ કાર્યક્રમ માટે ડો.સુભાષ એકેડમીના રામભાઈ બોરીચાનો સાથ નોધપાત્ર રહ્યો. આ વર્કશોપમાં પોતાના વિદ્યાર્થીને મોકલનાર તમામ શાળાના આચાર્ય અને તાલીમમાં સાથે આવનાર શિક્ષકોનો ઈન્ટેકના કો.કન્વીનર આર્કિટેક અમન કોટડીયાએ આભાર માનેલ છે.

## દ્વારકામાં યોજાયેલ ૧૦૦માં સદગુરૂ નેત્રયજ્ઞમાં ૬૭ દર્દીઓએ લાભ લીધો



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૧૩

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારકાના ઉપક્રમે અને શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ તેમજ એલ.આર.ગૃપ, શ્રી લોહાણા મહાજન, શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ, માતૃશ્રી મોંઘીબેન હ. વિ. ગો. મે.ચે. ટ્રસ્ટ, ડો.નીતિનભાઈ બારાઈ, કલાની સેવા જેન્તીભાઈ પોપટ, યુ.કે. ના સહયોગથી દ્વારકા લોહાણા મહાજન વાડી ખાતે યોજાયેલ ૧૦૦માં નિઃશુલ્ક નેત્રયજ્ઞમાં કુલ ૬૭ દર્દીઓને તપાસવામાં આવ્યા જેની ટ્રીટમેન્ટ કરેલ તે પૈકી ૨૪ દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂરિયાત હોતા કેમ્પના દિવસે જ રાજકોટ લઇ જઈ નિઃશુલ્ક ઓપરેશન કરાવી, નેત્રમણી બેસાડી પરત દ્વારકા લાવવામાં આવેલ. દર્દીઓને લાવવા-લઈ જવા, રહેવા જમવાની સુવિધા પણ નિઃશુલ્ક રાખેલ. કેમ્પમાં ડેપ પ્રાગટ્ય, ડો. ધર્મેન્દ્રભાઈ મજીઠીયા, કે.જી. હિન્ડોચા, ડો. કિરણબેન મકવાણા વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. કેમ્પને સફળ બનાવવા સેક્રેટરી અશ્વિનભાઈ ગોકાણી, લખુભાઈ સોમૈયા, સુરેશભાઈ દાતાણી, સુરેશભાઈ વાયેડા, સુરેન્દ્રસિંગ નીલ, અમિતભાઈ થોભાણી વગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવેલ હતી.

## જૂનાગઢ જીલ્લા પંચાયત પ્રમુખ તરીકે હરેશ ઠુંમર અને ઉપપ્રમુખ તરીકે મુકેશ કણસાગરાની થયેલી ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે હરેશ ઠુંમર અને ઉપપ્રમુખ તરીકે મુકેશ કણસાગરાની વરણી કરીને ભાજપે પટેલ સમાજમાં બેલેન્સ જાળવી લીધુ છે. પ્રમુખ લેઉવા પટેલ સમાજમાંથી આવે છે અને ઉપપ્રમુખ તરીકે કડવા પટેલ સમાજના છે. ઓબીસી સમાજને પ્રતિનિધિત્વ મળે તે માટે કારોબારી ચેરમેન તરીકે દિલીપ સિસોદીયાની પસંદગી કરાઈ છે. જ્યારે તાલુકામાં પણ રાજકીય, જ્ઞાતિના સમીકરણોને ધ્યાને રખાતા હોય તે મુજબ શાસકપક્ષના નેતા તરીકે લાભુબેન ગુજરાતીની વરણી કરાઈ છે. વરણી પામેલા હોદ્દેદારોને હાર પહેરાવી, મો મીઠા કરાવી શુભેચ્છા અપાઈ હતી. દરમ્યાન જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે મેંદરડા બેઠક ઉપરથી ચૂંટાયેલા હરેશ ઠુમરની અને ઉપપ્રમુખ તરીકે શાપુર બેઠક પરથી વિજેતા બનેલ મુકેશ કણસાગરાની વરણી કરાઈ હતી. જ્યારે કારોબારી ચેરમેન તરીકે માળીયાહાટીનાના દિલીપ સિસોદીયાની અને શાસક પક્ષના નેતા તરીકે લાભુબેન ગુજરાતીની વરણી કરાઈ છે. દરમ્યાન પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારીયા, દિનેશભાઈ ખટારીયા તેમજ અન્ય ભાજપના અગ્રણીઓ, કાર્યકરોએ નવનિયુક્ત પદાધિકારીઓને આવકારી શુભેચ્છા પાઠવી હતી.

**જિલ્લા વિભાજન બાદ પ્રથમ પ્રમુખ બન્યા હતા**

હાલમાં જેમને જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે અઢી વર્ષ પૂર્ણ થયા છે તે શાંતાબેન ખટારીયાને જિલ્લા વિભાજન બાદ જિલ્લા પંચાયતના પ્રથમ પ્રમુખ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. વર્ષ ૨૦૧૩માં જૂનાગઢ જિલ્લાનું વિભાજન થયું હતું. વર્ષ ૨૦૧૪માં વિભાજન અમલમાં આવ્યું. બાદમાં ૨૦૧૪-૧૫માં જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રથમ પ્રમુખ બન્યા હતા. બાદમાં ૫ વર્ષ કોંગ્રેસની બોડી રહી હતી. ફરી ભાજપની સત્તા આવતા ૨૦૨૧થી ૨૦૨૩ના સમયગાળામાં ૨.૫ વર્ષ માટે જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે શાંતાબેન ખટારીયાએ ફરજ બજાવી હતી.

## જૂનાગઢ જીલ્લામાં જુગાર અંગે વ્યાપક દરોડા પાડતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેર અને જીલ્લા વિવિધ વિસ્તારોમાં પોલીસ તંત્ર દ્વારા જુગાર વિરોધી ઝુંબેશ હાથ ધરી છે અને વ્યાપક દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બી ડીવીઝન પોલીસે ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે જોષીપરાના પાદર ચોક, હેઠાણ ફળીયા નજીક જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા.૧૦,૨૪૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. જયારે જીલ્લામાં અન્ય જુગાર અંગેના દરોડામાં કેશોદ પોલીસે કેવદ્રા ગામે જુગાર અંગે દરોડો પાડતા ત્રણ શખ્સોને રૂા.૫૩૬૦ના રોકડ મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લેવામાં આવેલ છે. જયારે અન્ય એક દરોડામાં કેશોદના અમૃતનગર, મેઈન રોડ, જોલી પાર્ક ટાઉન નજીક એક રહેણાંક મકાનમાં જુગાર અંગે દરોડો પાડતા સાત શખ્સોને કુલ રૂા.૩૫,૭૪૦ના રોકડ મુદ્દામાલ સાથે જુગાર રમતા પોલીસે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત માળીયા હાટીના પોલીસે માતરવાણીયા ગામેથી જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને કુલ રૂા.૩૮,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

## ખંભાળિયામાં જુગાર દરોડામાં ૧૧ શખ્સો ઝડપાયા

(કુંજન રાડિયા દ્વારા) જામખંભાળિયા તા.૧૩

ખંભાળિયા પોલીસે હાપા લાખાસર ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી રહેલા છ શખ્સોને પોલીસે ઝડપી લઈ કુલ રૂપિયા ૨૭,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અન્ય એક દરોડામાંધારવાડી વિસ્તારમાંથી પાંચ શખ્સોને રૂા. ૧૫,૭૦૦ નો મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.


# શ્રાદ્ધની સંપૂર્ણ વિગત

(૧) ભાદરવા સુદ પૂનમ શુક્રવાર તા.૨૯-૯-૨૩ એકમ તિથિનુ શ્રાદ્ધ તથા રિવાજ પ્રમાણે આ દિવસે પૂનમનું શ્રાદ્ધ પણ કરી શકાશે.
(૨) ભાદરવા વદ એકમ શનિવાર તા.૩૦-૯-૨૩ બીજ તિથિનું શ્રાદ્ધ
(૩) ભાદરવા વદ બીજ રવિવાર તા.૧-૧૦-૨૩ ત્રીજ તિથિનું શ્રાદ્ધ
(૪) ભાદરવા વદ ત્રીજ સોમવાર તા.૨-૧૦-૨૩ ચોથ તીથીનું શ્રાદ્ધ(ચોથનો ક્ષય) ભરણી નક્ષત્ર શ્રાદ્ધ
(૫) ભાદરવા વદ પાંચમ મંગળવાર તા.૩-૧૦-૨૩ પાંચમ તિથીનું શ્રાદ્ધ
(૬) ભાદરવા વદ છઠ્ઠ બુધવાર તા.૪-૧૦-૨૩ છઠ્ઠ તીથીનું શ્રાદ્ધ
(૭) ભાદરવા વદ સાતમ ગુરૂવાર તા.૫-૧૦-૨૩ સાતમ તિથિનું શ્રાદ્ધ
(૮) ભાદરવા વદ સાતમ વૃદ્ધિ તિથી શુક્રવાર તા.૬-૧૦-૨૩ આઠમ તિથિનું શ્રાદ્ધ
(૯) ભાદરવા વદ આઠમ શનિવાર તા.૭-૯-૨૩ નોમ તિથિનુ શ્રાદ્ધ-સૌભાગ્યવતીનું શ્રાદ્ધ
(૧૦) ભાદરવા વદ નોમ રવિવાર તા.૮-૧૦-૨૩ દસમ તિથિનું શ્રાદ્ધ
(૧૧) ભાદરવા વદ દસમ સોમવાર તા ૯-૧૦-૨૩ એકાદશીનું શ્રાદ્ધ
(૧૨) ભાદરવા વદ અગિયારસ મંગળવાર તા.૧૦-૧૦-૨૩ આ દિવસે કોઈ શ્રાદ્ધ નથી. મઘા નક્ષત્ર શ્રાદ્ધ
(૧૩) ભાદરવા વદ બારસ બુધવાર તા.૧૧-૧૦-૨૩ બારસ તીથીનું શ્રાદ્ધ બાળા ભોળાનું શ્રાદ્ધ
(૧૪) ભાદરવા વદ તેરસ ગુરૂવાર તા.૧૨-૧૦-૨૩ તેરસ તીથીનું શ્રાદ્ધ
(૧૫) ભાદરવા વદ ચૌદસ શુક્રવાર તા.૧૩-૧૦-૨૩ અકસ્માતે મૃત્યુંપામેલાનું શ્રાદ્ધ
(૧૬) ભાદરવા વદ અમાસ તા.૧૪-૧૦-૨૩ શનિવાર ચૌદસ પૂનમ અને અમાસનુ શ્રાદ્ધ સર્વ પિતૃ અમાસ જેની તિથિ ખબર ન હોય તેનું શ્રાદ્ધ આ દિવસે કરવું.

આ વિગત એકદમ ચોકસાઈ પૂર્વક તથા પંચાંગના નિયમ પ્રમાણે તૈયાર કરેલ છે. આ વર્ષે તિથિ કરતાં એક શ્રાધ આગળ છે આથી તારીખ અને વાર સામે જે શ્રાદ્ધ લખેલું હોય તે પ્રમાણે કરવું. નિયમ પ્રમાણે તથા પંચાંગ પ્રમાણે પૂનમનું શ્રાદ્ધ અમાસના દિવસે કરાઈ છે છતાં પણ આપણા ગુજરાતમાં રિવાજ છે. પૂનમનો શ્રાદ્ધ પૂનમના દિવસે કરવાનું તો રિવાજ પ્રમાણે પૂનમના દિવસે પણ પૂનમનું શ્રાદ્ધ કરી શકાય છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)



જે.વી. ડોડીયા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સાહેબ,
મેંદરડાની કોર્ટમાં

નં.જન્મ-મરણ નોંધણી કેસ નં. ૫૦/૨૦૨૩

શ્રી સીદીબાપુ નથુભાઈ મજગુલ
રહે. સાસણ તા. મેંદરડા ... અરજદાર

વિરૂધ્ધ

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સાસણ, તા. મેંદરડા ..... સામાવાળા

વિષય : જન્મ-મરણ અધિ.ની કલમ ૧૩(૩) મુજબની જન્મની નોંધ અંગેનો હુકમ કરવા બાબત.

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી સીદીબાપુ નથુભાઈ મજગુલ રહે. સાસણનો જન્મ નોંધ (જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૦) સાસણ ગ્રામ પંચાયતમાં થયેલ ન હોય, સાસણ ગામના જન્મ રજીસ્ટરમાં નોંધ કરી આપવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. આથી ઉપરોક્ત અરજી સામે જે કોઈ શખ્સને વાંધો કે તકરાર હોય તો મુદત તા.૧૪-૦૯-૨૦૨૩ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે પોતે જાતે અથવા મુખત્યાર મારફત આ કોર્ટમાં અચુક હાજર રહેવાની નોંધ લેવી. હાજર રહેવામાં કસુર થયે ધોરણસરનો હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૧-૮-૨૦૨૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યું

સહીઅવાચ્ય
(જે.વી. ડોડીયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મેંદરડા



# નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **હિમાંશુ હસમુખરાઈ કાકડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **હિમાંશુ હસમુખભાઈ કાકડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**હિમાંશુ હસમુખભાઈ કાકડીયા**
૧૦૩, વ્રજવિલા એપા. શ્રીજીનગર, શાંતેશ્વર રોડ,
જોષીપુરા, જૂનાગઢ - ૩૬૨૦૦૧

# નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **સમીર ભાણજીભાઈ નાદપરા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **સમીરકુમાર ભાણજીભાઈ નાદપરા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**સમીરકુમાર ભાણજીભાઈ નાદપરા**
બ્લોક નં.૧૨૦૨, એલીગન્સ હાઈટ્સ,
ઝાંઝરડા રોડ, ફુલવાટીકા, જૂનાગઢ. ૩૬૨૦૦૧

# નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **સૌરવ વલ્લભભાઈ ઠુમ્મર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **સૌરવ વલ્લભભાઈ ઠુમર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**સૌરવ વલ્લભભાઈ ઠુમર**
જીન પ્લોટ, ક્રિષ્ના મોલ પાસે,
તા. ભેસાણ, જી. જૂનાગઢ - ૩૬૨૦૨૦

